**Judgment** **R.C.S.NO.161/2003**

GJAH100004252003

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૫–૦૬–૧૯૯૦ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૫–૦૬–૧૯૯૦ | | |
| ફેંસલ તારીખ | ૧૩–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૩૫ | ૮ | ૧૬ |

==========================================================

**મે. પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ ( શ્રી આર.બી.મારફતિયા) સાહેબની કોર્ટમાં, મુ.વિરમગામ.**

==========================================================

**રે. દિ.મુ. નં. ૧૬૧/૨૦૦૩**

જુનો સ્પે. દી.મુ.નં. ૨૧૨/૧૯૯૦

**આંક–૧૮૯**

**વાદીઓઃ – (૧) શકરીબેન તે ગોપાલભાઇ વરવાભાઇ વાઘરીની વિધવા.**

**(૨) બાબુભાઇ ગોપાલભાઇ,**

**(૩) કાંતિભાઇ ગોપાલભાઇ,**

**(૪) અજીતભાઇ ગોપાલભાઇ,**

**(૫) કેશવભાઇ ગોપાલભાઇ,**

**તમામ પુખ્ત વયના, ધંધો.ખેતી,**

**તમામ રહે. ૧૦૧ થી ૧૧૫, ગુજરાત**
**હાઉસીંગ બોર્ડના મકાન, ખોડીયાર નગર,**
**આઇ.ઓ.સી.રોડ, ચાંદખેડા, અમદાવાદ.**

**(૬) મર્હુમ આશાભાઇ ગોપાલભાઇના વારસો,**
**(૬/૧) ચંપાબેન આશાભાઇ દંતાણી,**
**(૬/૨) જશવંતભાઇ આશાભાઇ દંતાણી,**
**(૬/૩) અજયભાઇ આશાભાઇ દંતાણી,**
**(૬/૪) ભવાનભાઇ ઉર્ફે ભગાભાઇ આશાભાઇ દંતાણી,**
**તમામ પુખ્ત વયના, ધંધો. ખેતી,**
**તમામ રહે. ૩૭, સુંદરસીંગ ભંડારીનગર,**
**બ્લોક નં.૨, ગુજરાત વેપારી મહામંડળ**
**પાછળ, ઓઢવ, અમદાવાદ.**

**(૭) મર્હુમ પ્રેમચંદભાઇ ગોપાલભાઇનાં વારસો,**
**(૭/૧) હંસાબેન પ્રેમચંદભાઇ દંતાણી,**
**(૭/૨) ગણપતભાઇ પ્રેમચંદભાઇ દંતાણી,**
**(૭/૩) ગણપતભાઇ પ્રેમચંદભાઇ દંતાણી**
**(૭/૪) દિલીપ પ્રેમચંદભાઇ દંતાણી,**
**તમામ પુખ્ત વયના, ધંધો.ખેતી,**
**તમામ રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ, મકાન**
**નં.૦૫/૧૦૫, આઇ.ઓ.સી.રોડ,**
**ખોડીયાર નગર, ચાંદખેડા, અમદાવાદ.**

**<u>વિરૂધ્ધ</u>**

**પ્રતિવાદીઓઃ –** **(૧) સંપતભાઇ ચતુરભાઇ દંતાણી,**
ઉ.વ.પુખ્ત, ધંધો. ખેતી,
રહે. ૧૦૮, નિર્ણયનગર, સેકટર નં.૫,

ચાંદલોડીયા, અમદાવાદ.

**(૨) ગુજરનાર જામાભાઇ ચતુરભાઇ દંતાણીના વારસો,**

**(૨/૧) વસંતીબેન જામાભાઇ,**

**(૨/૨) રાહુલ જામાભાઇ,**

**(૨/૩) સુમિત જામાભાઇ,**

તમામ પુખ્ત વયના, ધંધો.ખેતી,
રહે. ગામ આદીવાડા ઔધોગીક વિસ્તાર,
સેકટર નં.૨૮, બગીચા પાછળ, ગાંધીનગર.

**(૩) કોકીલાબેન તે જયચંદભાઇ વરવાભાઇની દીકરી,**

**(આંક–૧૮ ના હુકમ મુજબ પ્રતિવાદી તરીકે દાખલ કરવામાં આવેલ છે. )**

ઉ.વ. પુખ્ત વયના, ધંધો.ખેતી,
હાલ રહે. વેજલપુર રેલ્વે ક્રોસીંગ પાસે,
અમદાવાદ.

==================================================

બાબત :– દાવો રૂ૦ ૩૦૦–૦૦ નાં આંક થી.

વાદી તરફે વિ.વ શ્રી એમ.કે.સિંઘવ

પ્રતિવાદી નં. ૧ ,૨ તરફે વિ.વ. શ્રી જી.જી.વૈદ્ય

પ્રતિવાદી નં. ૩ તરફે વિ.વ. શ્રી વી.પી.મકવાણા (લીગલ એઇડ)

==================================================

**–:જ જ મે ન્ટ:–**

**(૧)** આ કામે વાદીની દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અમદાવાદ જીલ્લાના તથા દેત્રોજ તાલુકાના મોજે ગામ સુંવાળાની સીમની જમીન સર્વે નં.૨૨૧/૩, ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ સદર જમીનમાં

વાદીઓની સંયુકત માલિકી તથા કબજા ભોગવટાની છે. જેની વિગત નીચે મુજબની છે.

| ગામનું નામ | સર્વે નંબર | ક્ષેત્રફળ–એકર–ગુંઠા | આકાર |
|---|---|---|---|
| સુંવાળા | ૨૨૧/૩ | ૦–૨૮ | ૧.૪૪ |
| | ૨૨૨/૨ | ૧–૨૨ | ૩.૩૭ |
| | ૨૨૨/૪ | ૦–૩૬ | ૧.૯૪ |
| | ૨૨૨/૫ | ૧–૦૨ | ૨.૩૧ |

પૂર્વે : રાહદારીનો રસ્તો આવેલ છે.

પિશ્ચમે : બધાભાઇ બાવાભાઇ તથા જીવાભાઇ ભગવાનના ખેતરો છે.

ઉત્તરે : પાટીદાર મગન લલ્લુ તથા હરગોવન લલ્લુનું ખેતર.

દક્ષિણે : પાટીદાર તરભોવન લાલા તથા વાઘી ભાવાનું ખેતર.

ઉપરોકત વર્ણનવાળી જમીનો મોજે ગામ સુંવાળાની છે. સુંવાળા ગામ અગાઉ કરાયેલ અંદરનું હતું અને આ કામનાં માલિક કટોસણ/અંદરનાં દરબાર સાહેબનું હતુ. આ મીલકતના માલીક ગુજરનાર વાદી તથા વાદીના વારસો થયેલ. ઉપરોકત સર્વે નંબરવાળી જમીન અંગે તા.૩૧/૦૭/૧૯૫૭ ના રોજ જે સમયના કટોસણના દરબાર કીર્તીસિંહજી તખતસિંહજીએ ૬ પટના નાણાં રૂા.૬૦ તથા છ આના ભરીને આ જમીનના માલિક જયચંદ વરવાભાઇ બનેલાં. આ રીતે આ સર્વે નંબરવાળી જમીન જયચંદભાઇ વરવાભાઇએ પોતે ખરીદેલ અને પોતે તેના માલિક બનેલા તેમાં કોઇ અન્ય વ્યકિતઓનો હકક હીસ્સો કે લાગભાગ રહેતો ન હતો. આ જયચંદભાઇ વરવાભાઇ જેઓ તેમના મોટાભાઇ થતા હતા અને આ જમીનમાં તેઓ પોતે ખેતી કરતા હતા, આ સર્વે નંબરવાળી જમીનમાં તેઓ પોતે ખેતી કરતા હતા અને આ જમીન અંગેના વેરા વિઘોટી કે અન્ય સરકારી ભરવાની જે રકમો થતી તે રકમો તેમના મોટાભાઇ જયચંદભાઇ વરવાભાઇ ભરતા જરુર પડે આ જમીનમાં વાદી તેમના ભાઇના ખેતીના કામમાં તેમને મદદ કરતા હતા. સદર જયચંદભાઇ અર્થાત વાદીના

પિતાના ભાઈ યાને કાકા તા.૨૫/૧૨/૧૯૭૬નાં રોજ ગુજરી ગયેલ અને તેમના ગુજરી ગયા બાદ તેમના કાકી અંબાબેન અર્થાત જયચંદભાઇ વરવાભાઈની વિધવા પત્નનુ નામ વારસ હકકથી આ દાવાવાળી મિલકતમાં સરકારી રેકર્ડમાં દાખલ થયેલ. જેમાં નોંધ નં.૧૨૬૩ છે. ઉપરોકત સર્વે નંબરવાળી જમીનમાં તા.૨૦/૧૨/૧૯૮૫ ના રોજ નોંધ નં.૧૪૭૪ થી વાદીના કાકી અંબાબેને સહસંમતિથી તથા જવાબ લખાવી આ દાવાવાળી મિલકતમાં તેમનું નામ સહભાગીદાર તરીકે દાખલ કરાવેલ.વધુમાં તેઓ જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ તથા ૨ જેઓ વાદીના કાકાના પુત્રો થાય છે. તેમના આ કાકા આશરે ઘણા વર્ષ પહેલા ગુજરી ગયેલા છે. આ કામના પ્રતિવાદી નં.૧ જેઓ ઈન્ડસ્ટ્રીયલ બેંકમાં નોકરી કરે છે તથા પ્રતિવાદી નં.૨ જામાભાઇ ચતુરભાઇ દંતાણી ગાંધીનગરમાં સરકારી નોકરી કરતા હતા. આ રીતે બંને પ્રતિવાદીઓ અમદાવાદ તથા ગાંધીનગરમાં રહે છે અને તેઓ જીંદગીમાં કયારેય ખેતી કરેલ નથી કે ગામડે પણ રહેતા નથી. આ કામના પ્રતિવાદી નં.૧ જેઓ નશાબંધી મંડળીની ઉચ્ચ રાજકીય લાગવગ ધરાવતા વ્યકિતઓના સંપર્કમાં છે અને તેઓની સારી રાજકીય ઓળખાણ છે અને તેઓએ લાગવગ કરી તથા તેમના રાજકીય વજનવાળી વ્યકિતઓનું દબાણ કરાવી આ કામના પ્રતિવાદી નં.૧ તથા ૨ નાઓએ તા.૨૬/૦૫/૧૯૮૦ ના રોજ કલમ-૧૩૫ ડી મુજબની નોટીસ આપ્યા વગર તેઓના નામ સર્વે નંબર : ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ આ સર્વે નંબરોમાં નોંધ નંબર ૧૩૫૫ થી તેમના નામ ખોટી રીતે આ જમીનમાં દાખલ કરાવેલા આ બાબતની જાણ તેઓ વાદીના કાકી અંબાબેન જયચંદભાઇને થતાં તેઓએ આ પ્રતિવાદીઓની ગેરકાયદેસર પડેલી એન્ટ્રીઓ રદ્દ કરાવવા માટે મે.વિરમગામ પ્રાંત ઓફીસર સાહેબની કોર્ટમાં વિવાદ અરજી નં.૨૦/૧૯૮૫ ની દાખલ કરેલ અને આ વિવાદ અરજી કોર્ટમાં ચાલુ હતી તે દરમ્યાન અંબાબેન જયચંદભાઇ બિમાર પડતા આ કેસ લડવા માટે અને તેમાં હાજરી આપવા માટે આશાભાઇ ગોપાલભાઇને અંબાબેન જયચંદભાઈએ પાવર ઓફ એટર્ની લખી આપેલ અને આ બીજા કામકાજમાં ગુજરનાર વાદીના પુત્ર હાજર રહી કામગીરીમાં હાજર સુધી મે.વિરમગામના પ્રાંત સાહેબે પ્રતિવાદી નં. ૧ તથા ૨ ની

તા.૨૬/૦૫/૧૯૮૦ નાં રોજની નોંધ નં.૧૩૫૫ ગેરકાયદેસર ઠરાવેલ અને તે રદ કરવા હુકમ કરેલ. વધુમાં તેઓ જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ તથા ૨ નાએ મે.વિરમગામનાં પ્રાંત સાહેબે તા.૩૦/૧૧/૧૯૮૫ ના રોજ વિવાદી અરજી નં.૨૦/૧૯૮૫ નાં હુકમ સામે મે.અમદાવાદના કલેકટર સાહેબને રીવીઝન અરજી લેન્ડ રેવન્યુ કોડ–૬ અન્વયે અપીલ અરજી નં. ૩/૧૯૮૬થી કરેલ. મે.અમદાવાદના કલેકટર સાહેબે પણ તા. ૨૨/૦૯/૧૯૮૬નાં રોજ આ કામના પ્રતિવાદી નં.૧ તથા ૨ નાએ કરેલ રીવીઝન અરજી નામંજુર કરેલ અને મે.પ્રાંત વિરમગામનો હુકમ કાયમ રાખેલ અને પ્રતિવાદી નં.૧ તથા ૨ ની એન્ટ્રીને ગેરકાયદેસર તથા રદ્દ બાતલ જાહેર કરેલ ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓએ વાદીના ગુજરનાર પિતા તથા તેમના ભાઈ આશાભાઈ ગોપાલભાઈ વિગેરે ઉપર મે.અમદાવાદના સીવીલ જજ સી.ડી.જજ સાહેબશ્રીની કોર્ટમાં દાવા નં. ૨૬૭/૮૮ દાખલ કરેલ અને તે રીતે વાદીના કાકી તથા વાદીના ગુજરનાર પિતાને ખોટી રીતે હેરાન કરે ખોટા ખર્ચમાં નાંખી આ જમીન ખોટી રીતે પડાવી લેવાના પ્રયત્ન કરેલ છે. આ પ્રતિવાદીઓએ તે દાવામાં વાદીના વિરુધ્ધ મનાઈ હુકમની માંગણી કરેલ પરંતુ નામદાર કોર્ટે તેમની માંગણી મંજુર રાખેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ તથા ૨ નાઓ તેમના શિક્ષણ તથા લાગણીનો ખોટો લાભ લઈ તેમના કાકી અંબાબેન જયચંદભાઈ તથા વાદી તથા વાદીના ગુજરનાર પિતાને હેરાન પરેશાન કરતા હતા તથા વાદીના કાકી બીમાંર તેમજ વૃધ્ધ હતા અને તેઓની સારવાર દેખભાળ તેમને કોઈ સંતાન ન હોવાથી વાદીના ગુજરનાર પિતા તથા વાદીઓ કરતા હતા અને તેમના મૃત્યુ બાદ તેમની સદર દાવાવાળી જમીન તથા તેમના ઘર વિગેરે અંગે ભવિષ્યમાં પ્રતિવાદીઓ સાથે કોઈ સંઘર્ષ કરવો ન પડે તે માટે તા.૦૪/૦૨/૧૯૮૬ ના રોજ તેઓ વાદીના કાકી અંબાબેન જયચંદભાઈ વરવાભાઈની વિધવા પત્નીએ વાદીના ગુજરનાર પિતા ગોપાલભાઈ વરવાભાઈ તથા આશાભાઈ ગોપાલભાઈ, બાબુભાઈ ગોપાલભાઈના નામે તા.૦૪/૦૨/૧૯૮૬ના રોજ સદર મિલકતની વહેંચણી અંગે વીલ યાને વસીયતનામુ કરી આપેલ છે. વાદીના કાકી અંબાબેન જયચંદભાઈનું તા.૩૦/૦૩/૧૯૮૬ના રોજ

અવસાન થયેલ છે અને ત્યારથી આ દાવાવાળી મિલકતનાં વાદીના ગુજરનાર પિતા તથા તેમના ભાઇ આશાભાઇ તથા વાદી બાબુભાઇ થયેલ છે અને વાદીના ગુજરનાર પિતા તથા ભાઈ આશાભાઈ ગોપાલભાઈ તથા બાબુભાઇ ગોપાલભાઈ થયેલ છે અને તેઓ વાદીના ગુજરનાર પિતા ગોપાલભાઈ વરવાભાઇ તથા વાદીઓના નામ હાલમાં સરકારી રેકર્ડમાં એન્ટ્રી નં.૧૪૭૩, ૧૪૭૪, ૧૪૮૭ ખાતેદાર તરીકે નોંધાયેલ છે. આ રીતે વાદીના ગુજરનાર પિતા તથા તેમના પુત્રો આ જમીનના માલિક બનેલા છે અને વાદીના પિતા ગોપાલભાઈ વરવાભાઈનું તા.૦૫/૧૨/૧૯૯૮ ના રોજ ગુજરી જતા તેમની વારસાઈમાં રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૧૭૭૬ થી નામો ચાલે છે. વધુમાં તેઓ જણાવે છે કે, નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ કે દાદો વાદીની તરફેણમાં આપવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીઓને સમન્સ/ નોટીસ કરવામાં આવેલ છે અને પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ/ નોટીસની બજવણી થયેલ છે. સદર કામે પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી  મારફત અદાલત સમક્ષ હાજર થયેલા છે અને પ્રતિવાદીનં. ૧,૨ નાઓએ હાજર થઇ તેમના વાંધા જવાબ આંક-૧૬ તથા  પ્રતિવાદી નં. ૩ તરફે આંક-૩૫ થી પોતાના વાંધાજવાબ સદર કામે રજુ કરેલ છે.

(૩)  ત્યારબાદ સદર કામે વાદી તરફે આંક-૦૫ ની મનાઇ હુકમની અરજી કરવામાં આવેલ છે. જે વાદીની અરજી મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી ધ્વારા તા.૦૮/૦૮/૨૦૦૨ ના રોજ હુકમ કરી અંશત: મંજુર કરવામાં આવેલ છે અને આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનમાં કબજા, ભોગવટાની સ્થિતી આ દાવાના નિકાલ સુધી યથાવત જાળવી રાખવાનો હુકમ કરવામાં આવેલ છે અને આ અરજીનું ખર્ચ દાવાને અનુસરશે તેવો હુકમ કરવામાં આવેલ છે.

(૪) હાલનાં કામે પ્રતિવાદી સંપતભાઇ ચતુરભાઇ અને જામાભાઇ ચતુરભાઇનાઓ તરફે આંક–૧૬ થી સદર દાવાઅરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ મહદઅંશે દાવા અરજીની હકીકતોનો ઇન્કાર કરેલ છે. તેમજ મુખ્યત્વે જણાવેલ છે કે, પ્રતિવાદીઓની સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલિકીની મિલકત મોજે ગામ સુવાળા, તા.વિરમગામના સર્વે નં.૨૨૧/૩, એકર–૦–૨૮ ગુંઠા, સર્વે નં.૨૨૨/૨, એકર–૧–૨૨ ગુંઠા, સર્વે નંબર ૨૨૨/૪, એકર–૦–૩૬ ગુંઠા, સર્વે નંબર ૨૨૨/૫, એકર–૦–૦૨ ગુંઠા જે પ્રતિવાદીઓના પિતા ચતુરભાઇ વરવાભાઇની હતી અને તેમના ગુજર્યા બાદ મંગુબેનની માલિકીની હતી અને ત્યારબાદ તેમની સ્વતંત્ર માલિકી, કબજાની મિલકત આવેલી છે. સદરહું દાવાવાળી મિલકત તા.૨૫/૦૨/૪૭ ના રોજ મોજે ગામ કટોસણ સ્ટેટના ઠાકોર સાહેબે આપેલી. જેની સનદ પણ તેમની પાસે અસલ છે. પ્રતિવાદીઓના પિતા સને–૧૯૫૬ ની સાલમાં ગુજરી ગયેલા. તે વખતે પ્રતિવાદી નં.૧ ની ઉંમર ૬ વર્ષની હતી અને પ્રતિવાદી નં.૨ ની ઉંમર પાંચ થી છ માસની હતી.પ્રતિવાદીઓ પછાત વર્ગના અભણ અને અજ્ઞાન છે અને તેઓના પિતાશ્રીના અવસાન સમયે તેઓ સગીર હોવાથી તેમની સાર સંભાળ દેખરેખ પ્રતિવાદીઓના કાકા જયચંદભાઇ વરવાભાઇ રાખતા હતા, અને જયચંદભાઇ વરવાભાઇ ગુજરી ગયા અને તેમના વિધવા પત્ની અંબાબેન છે. તેઓએ અગાઉ જણાવ્યા પ્રમાણે જયચંદભાઇ વરવાભાઇએ મિલકતના માલીક નથી અને કટોસણ સ્ટેટના દરબાર કીર્તીસિંહજી તખતસિંહજીએ છ પટના નાણાં તથા ૬૦ રૂા. છ આના ભરીને માલિક બન્યાનું ખરૂ નથી અને આ રીતે જયચંદભાઇ વરવાભાઇ કે ગોપાલભાઇ વરવાભાઇ કે તેમના દીકરા આશાભાઇ ગોપાલભાઇ માલીક નથી અને અંબાબેનનું કોઇ મુખત્યારપત્ર કોઇને પણ લખી આપવાનો કોઇ હકક નહોતો અને નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીના માતૃશ્રી સદર જમીનોમાં ખેતી કરતા હતા, ઉપજ–નિપજ લેતા હતા અને તેમના કાકાએ તેઓ સગીર હોવાથી તેમના માતૃશ્રીને ખેતીના કામમાં મદદ કરતા હતા. ખરી હકીકતે–ટેન્યોર એબોલીશન એકટ અમલમાં આવતા પ્રતિવાદીઓના પિતાશ્રી મજકુર જમીનનાં કાયમી ખેડુત છે તેવી એન્ટ્રી નમુના નં.૬ માં નંબર

૪૫ થી પાડવામાં આવેલી અને ત્યારબાદ તેઓ પ્રતિવાદીઓના પિતાશ્રી ગુજરી ગયેલા અને આથી તેઓના માતૃશ્રી અજ્ઞાન અને અભણતાનો લાભ લઇ અને તેઓ સગીર હોવાથી મરહુમ ચતુરભાઇ વરવાભાઇના કોઇ વારસદારો નથી તેવી તલાટી રૂબરૂ ખોટી રજુઆત કરી માત્ર જયચંદભાઇ જ વારસદાર છે તેવુ જણાવી તા.૨૬/૦૪/૫૭ ના રોજ નોંધ નંબર ૯૨ થી ખોટી વારસાઇ કરાવેલી તેમ છતાં સર્ટીફાઇંગ ઓફીસરે એવો હુકમ કરેલો કે ચતુરભાઇ વરવાભાઇનું પેઢીનામુ પંચો રૂબરૂ બનાવી રજુ કરવુ અને ત્યારબાદ વારસાઇ કરવી તા.૨૫/૦૬/૧૯૫૮ ના રોજ સદર એન્ટ્રી નં.૯૨ માં જે હુકમ કરેલો તેની પુર્તતા કરવામાં આવેલી નહી અને આથી તલાટી સાહેબે પણ એવો હુકમ કરેલો કે ચતુરભાઇ વરવાભાઇના વારસામાં વિધવા વિગેરે હોવાથી તપાસ કરી નવેસરથી એન્ટ્રી પાડવી. સદર હુકમના આધારે જયચંદભાઇ વરવાભાઇનું નામ માલિકી હકકે વારસાઇમાં દાખલ થઇ શકે તેવુ નહી હોવાથી પ્રતિવાદીઓના હકકો ડુબાડવા ફ્રોડ કરેલો અને કોઇ વારસ નથી તેવુ ખોટુ જાહેર કરી છેતરપીંડી કરેલી અને તેમણે તેઓ પ્રતિવાદીઓના માતૃશ્રી પાસેથી છ પટની રકમ લઇ પોતાના નામે જમાં કરાવેલી અને નોંધ નંબર ૧૬૧, તા.૩૧/૦૭/૫૭ ના રોજ પડાવેલી. આમ, એન્ટ્રી નંબર.૪૫ અને એન્ટ્રી નં.૧૬૧ એ બંને કોન્ટ્રાડીકટરી છે અને જેથી તે સાબીત થાય છે કે જયચંદભાઇ વરવાભાઇએ ખોટી રીતે નામ દાખલ કરાવેલુ છે અને જયચંદભાઇ વરવાભાઇ ગુજર્યા બાદ તા.૦૮/૦૧/૭૭ ના રોજ એન્ટ્રી નં.૧૨૬૩ થી વારસાઇ નોંધ કરવામાં આવેલી. જે નોંધ કરતાં અગાઉ બી.એલ.આર.કોડની કલમ-૧૩૫-ડી, મુજબની નોટીસ આપવામાં આવેલી પરંતુ એન્ટ્રી નં.૧૩૫૫ માં સર્વે નં.૨૨૧/૩ માં વારસાઇની કોઇ નોંધ કરવામાં આવેલી નથી અને આ રીતે રેવન્યુ રેકર્ડમાં ઘણી ખામીઓ રહેલી છે, તેમના મરહુમ પિતાની સનદ પણ તેમની પાસે છે અને રેકર્ડમાં તે રીતે નામ દાખલ થયેલુ છે, વિઘોટી અને મહેસુલ તેઓએ ભરેલા છે અને પટની રકમ પણ તેમના માતૃશ્રીએ ભરેલી છે. તેઓએ સદર એન્ટ્રીઓ વિરુધ્ધ પ્રાંતમાં અપીલ દાખલ કરેલી, પરંતુ સમય મર્યાદાના કારણે તેવી અપીલો કાઢી નાખેલી છે. સદર પ્રાંત અધિકારીના હુકમ સામે કલેકટરમાં પણ અપીલ કરેલી

છે અને આથી મજકુર વાદીઓ તે સાચી હકીકત હોવા છતાં યેનકેન પ્રકારે ઉપરોકત તમામ જમીનનો કબજો પડાવી લેવા માંગતા હોવાથી તેઓએ દી.મુ.નં.૨૬૭/૮૮ થી દાવો કરેલો છે. જે હાલ જારી છે. તે સંજોગોમાં સદર વાદીઓને તેમના કબજાવાળી જમીનમાં કોઇ હરકત, હેલો, અંતરાય, અડચણ કે રૂકાવટ કરવાનો અધિકાર નથી તેમજ તેઓએ આપેલી ધાક–ધમકીઓને અને દબાણને તેઓ વશ થયા ન હોઇ વીલની ખોટી હકીકત ઉપજાવી કાઢી સદર કોર્ટને હકુમતમાં લાવવા સારૂ દાવાનો ખોટો આંક બાંધી મજકુર દાવો કરેલો છે. જે પ્રથમદર્શનીય રીતે રદ્દબાતલ થવા યોગ્ય છે. આથી નામદાર કોર્ટને સદર દાવો ચલાવતા સમયે દી.મુ.નં.૨૬૭/૮૮ માં રજુ થયેલ તમામ રેકર્ડનું પુરેપુરુ અવલોકન કરીને અને તેમાં રજુ થયેલા પુરાવાઓને ધ્યાનમાં રાખીને સદર વાદીઓનો કેસ પ્રથમદર્શનીય રીતે મેન્ટેનેબલ છે કે નહી તે નકકી કરવા તેઓએ ખાસ અરજ ગુજારેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, ઉપરોકત તમામ હકીકતોને ધ્યાનમાં લઇને વાદીનો દાવો ખર્ચ સહીત રદ્દ કરી તેઓને તેમનું ખર્ચ અપાવવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૫) હાલનાં કામે પ્રતિવાદી નં. ૩ કોકીલાબેન તે જયચંદભાઇના દીકરી તરફે આંક–૩૫ થી સદર દાવાઅરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, મોજે ગામ સુવાળાની રેવન્યુ સર્વે નં.૨૨૧/૩, ૨૨૨/૨, ૨૨૨/૪,૨૨૨/૫ વાળી મિલકતોનાં મુળ માલિક કટોસણનાં શેઠના દરબાર ઠાકોર કીર્તીસિંહજી તખતસિંહજી હતા અને પ્રતિવાદી નં.૧ અને ૨ ના પિતા ચતુરભાઇ વરવાભાઇ તેમના ગણોતીયા હતા અને ગણોત હકકે તેઓ જમીન ખેડતા હતા અને ત્યારબાદ તેમનો ગણોતીયા રેકર્ડમાં નામ પણ ચઢેલુ પરંતુ તેમના ગુજરનાર પિતાએ સદર પ્રતિવાદી નં.૧ અને ૨ પાસેથી ૬ પટની રકમ લઇ પૈસા ભર્યાની હકીકત તેમને તેમના પિતા પાસેથી જાણવા મળેલી અને ત્યારબાદ ચતુરભાઇ વરવાભાઇ ગુજરી જતા વારસાઇની નોંધ પડાવવા બાબતે પણ ચતુરભાઇ વરવાભાઇના વારસોની ખાત્રી કરવાની તાકીદ કરી જરૂરી તપાસ કરી નવેસરથી નોંધ પાડવા બાબતે હુકમ થયેલો પરંતુ હાલના વાદીએ તેવા કહેવાતા વીલથી અને જયચંદભાઇ વરવાભાઇના સહ ભાગીદાર

તરીકે ગામ દફતરે ખોટી નોંધો પડવી છે. હકીકતમાં તેમના પોતાની મદદ કરવામાં તેમની માતા રહેતી, પરંતુ સદર વાદી તથા તેમના કોઇ પુત્રો વિગેરે કયારેય કોઇ કામમાં મદદ કરી નથી પરંતુ તેમની માલ મિલકત લુંટી લેવા માટે પોતાની અયોગ્ય લાગવગથી સહ ભાગીદારથી તેમજ વીલની રુઇએ સહ માલિકો તરીકે ખોટી એન્ટ્રીઓ પડાવેલી છે અને જે સામે તેમનો સખ્ત વિરોધ છે. આ બાબતે તેઓ યોગ્ય કાર્યવાહી કરવાના છે પરંતુ તેઓ તદ્દન ગરીબ વર્ગના હોઇ કોર્ટના લીટીગેશનનાં પૈસા ખર્ચી શકે તેમ નથી. તેમના મા–બાપ ગયેલા છે અને તેમના જીવનનો આધાર સવાલવાળી મિલકતની ઉપર ઉપજ નીપજ ઉપર રહેલો છે અને તે તમામ સંજોગોમાં જો વાદી આવા કહેવાતા ખોટા વીલને આધારે ખોટા હુકમો દાવામાં મેળવી લે તો તેઓને પારાવાર નુકશાન થાય અને પૈસાથી ના વળી શકે તેવુ નુકશાન થાય તે સંજોગોમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ, ઇકવીટી અને ગુડ કોન્સીયસ તે પ્રતિવાદી નં.૩ તરફે છે. જયારે વાદીનો કોઇ પ્રાયમાફેસી કેસ નથી અને તે તમામ સંજોગોમાં વાદી મનાઇ હુકમ મેળવવા હકકદાર નથી કે તેવા કહેવાતા ખોટા વીલના આધારે સહ માલિક કે સહ ભાગીદાર નથી તે તમામ સંજોગોમાં વાદીનો દાવો તથા મનાઇ અરજી રદ્દ થવા યોગ્ય છે. વધુમાં તેઓ જણાવે છે કે, ઉપરોકત હકીકતે વાદીનો દાવો તથા મનાઇ ખર્ચ સાથે કરી તેઓને સ્પે. કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવા અરજ ગુજારેલ છે.

**(૬)** આ કામે હાલના દાવાની સાથે જ રે.દિ.મુ.નં.૨૬૭/૧૯૮૮ (જુનો નં.૨૧૨/૧૯૯૦) નો ચાલતો હતો. જે કામે બંને દાવા સાથે ચલાવવા નામ.ડીસ્ટ્રીકટ કોર્ટ, અમદાવાદમાં અરજી કરતાં તેને સાથે ચલાવવા હુકમ કરેલ હતો અને તે મુજબ સદર દાવો નામ.એડી.સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં ટ્રાન્સફર થઇને આવેલ હતો. જે દાવો ઘણો જ મોડો વિરમગામ આવેલ હોવાથી તે કામના વાદીઓ હાજર ન રહેતાં તે તા.૧૬/૧૦/૨૦૦૮ ના રોજ ડી.ડી. કરેલ હતો. જેને રીસ્ટોરેશન કરવા સારૂ ડીલેકોન્ડોન અરજી અત્રેની કોર્ટમાં તેઓએ કરેલ. જે અરજી તા.૧૯/૦૯/૨૦૧૧ ના રોજ નામંજુર (રદ્દ ) કરેલ હતી. જેની સામે તે

કેસનાં વાદીઓએ નામ.સેશન્સ કોર્ટમાં સીવીલ પરચુરણ અરજી નં.૧/૧૨ થી અરજી કરેલ હતી. જેમાં નામ.ડીસ્ટ્રીકટ કોર્ટે તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજ અરજી ડીસમીસ કરેલ છે.

(૭) ત્યારબાદ આ કામના વાદીઓએ કે જેઓ રે.દી.મુ.નં.૨૬૭/૧૯૮૮ ના કામે પ્રતિવાદીઓ છે, તેઓએ નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૩૧૮/૨૦૧૩ થી દાખલ કરેલ અને તેમાં નામદાર હાઈકોર્ટે તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ હુકમ કરી તેઓની અરજીના પેરા–૫ માં જણાવ્યા પ્રમાંણે રે.દી.મુ.નં.૧૬૧/૨૦૦૩નું કામ રૂા.૨૫૦૦૦/– ખર્ચનાં અત્રેની કોર્ટમાં જમાં કરાવ્યેથી અને આ રકમ પ્રતિવાદી નં. ૧ સંપતભાઇને ચુકવી આપવાની શરતે સદર દાવો રીસ્ટોર કરેલ હતો તેમજ આ બંને દાવા ઝડપી ચલાવી તા.૩૦/૦૬/૨૫ અથવા તે પહેલા પુરા કરવા સુચના આપેલ હતી. તેમજ આ બંને દાવાના પક્ષકારોને પણ સદર દાવા પુરા કરવામાં જરુરી સહકાર ટ્રાયલ કોર્ટને આપવા હુકમ કરેલ હતો. ત્યારબાદ સદર કામ આગળ ચલાવેલ છે અને રે.દી.મુ.નં.૧૬૧/૨૦૦૩ નું કામ રીસ્ટોર કરેલ છે અને બંને કામ આગળ ચલાવેલ છે.

(૮) સદર કામે આંક–૧૮ થી કોકીલાબેન તે જયચંદભાઇ વરવાભાઇની દીકરીને પ્રતિવાદી નં. ૩ તરીકે જોડવા માટે અરજી આપતા કોકીલાબેન તે જયચંદભાઇની દીકરીને પ્રતિવાદી નં. ૩ તરીકે જોડવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૯) આ કામે વાદી ગોપાલભાઇ વરવાભાઇ ચાલુ દાવે ગુજરી જતા આંક–૫૨ થી તેઓના વારસદારોને રેકર્ડ પર જોડવા અરજી આપેલ છે. જેના પર મારા પુરોગામી અધિકારીશ્રીએ હુકમ કરી તેઓના વારસદારોને જોડેલ છે. વાદીઓના વારસોને ૧/એ થી ૧/જી સુધી સુધારેલી દાવાઅરજીમાં જોડેલ છે.

**(૧૦)** સદર કામે વાદી ગોપાલભાઇ વરવાભાઇ દંતાણીના વારસ આશાભાઇ ગોપાલભાઇ ગુજરી જતા તેમના વારસદારોને આંક–૧૦૧ ના હુકમ મુજબ ૧/બી/૧ થી ૧/બી/૪ (૬/૧ થી ૬/૪) સુધી જોડવામાં આવેલ છે.

**(૧૧)** સદર કામે વાદી નં. ૧(ઇ) પ્રેમચંદભાઇ ગોપાલભાઇનાઓનુ અવશાન થતા તેમના વારસો દાખલ કરવાની અરજી આંક–૧૦૪ થી રજુ કરતા તેઓના વારસોને ૧/ઇ/૧ થી ૧/ઈ/૩ (૭/૧ થી ૭/૪) સુધી દાખલ કરવામાં આવેલ છે.

**(૧૨)** ત્યારબાદ આ કામે **આંક– ૭૪ થી મુદ્દા** કાઢવામાં આવેલ છે.

**(૧૩)** ત્યારબાદ આ કામે વાદી તરફે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખીક પુરાવાઓઃ–**

| **અનુ.નં.** | **મૌખિક પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદી નં.ર બાબુભાઇ ગોપાલભાઇ દાંતણીયાનું સરતપાસનુ સોગંદનામુ | ૧૧ર |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| **અનુ. નં.** | **દસ્તાવેજી પુરાવો** | **ટેન્ટેટીવ આંક** |
|---|---|---|
| ૧. | જુના સર્વે નં.રરર હિસ્સા નં.ર ની જુની ૭/૧ર ની અસલ નકલ. | ૧૧પ |
| ર. | જુના સર્વે નં.રરર હિસ્સા નં.૩ ની જુની ૭/૧ર ની અસલ નકલ. | ૧૧૬ |
| ૩. | જુના સર્વે નં.રરર હિસ્સા નં.૪ ની જુની ૭/૧ર ની | ૧૧૭ |

| | | |
|---|---|---|
| | અસલ નકલ. | |
| ૪. | જુના સર્વે નં.૨૨૨ હિસ્સા નં.૫ ની જુની ૭/૧૨ ની અસલ નકલ. | ૧૧૮ |
| ૫. | નોંધ નં. ૫ ની અસલ નકલ. | ૧૧૯ |
| ૬. | નોંધ નં. ૩૯ ની અસલ નકલ | ૧૨૦ |
| ૭ | નોંધ નં. ૪૫ ની અસલ નકલ | ૧૨૧ |
| ૮ | નોંધ નં. ૯૨ ની અસલ નકલ | ૧૨૨ |
| ૯ | નોંધ નં. ૧૬૧ ની અસલ નકલ | ૧૨૩ |
| ૧૦ | નોંધ નં. ૧૨૬૩ ની અસલ નકલ | ૧૨૪ |
| ૧૧ | નોંધ નં. ૧૪૭૩ ની અસલ નકલ | ૧૨૫ |
| ૧૨ | નોંધ નં. ૧૪૯૩ ની અસલ નકલ | ૧૨૬ |
| ૧૩ | નોંધ નં. ૧૬૫૭ ની અસલ નકલ | ૧૨૭ |
| ૧૪ | નોંધ નં. ૧૬૫૮ ની અસલ નકલ | ૧૨૮ |
| ૧૫ | પંચો રૂબરૂ કરેલ પંચનામાંની અસલ નકલ | ૧૨૯ |
| ૧૬ | તા.૦૩/૦૭/૧૯૯૦ થી પંચો રુબરુ કરેલ પંચનામાંની અસલ નકલ | ૧૩૦ |
| ૧૭ | વિરમગામના મહે. પ્રાંત સાહેબશ્રીના હુકમની અસલ નકલ | ૧૩૧ |
| ૧૮ | સચિવશ્રીના તા.૨૪/૦૭/૨૦૦૩નાં હુકમની અસલ નકલ | ૧૩૨ |
| ૧૯ | ખાતા નંબર ૯૯ ની ખેડુતપોથીની અસલ નકલ | ૧૩૩ |
| ૨૦ | ખાતા નંબર ૧૨૭ ની ખેડુત પોથીની અસલ નકલ | ૧૩૪ |
| ૨૧ | કોકીલાબેન જયચંદભાઇ દંતાણીની જુબાનીની અસલ નકલ | ૧૩૫ |
| ૨૨ | સંપતભાઇ ચતુરભાઇ દંતાણીની જુબાનીની અસલ નકલ | ૧૩૬ |
| ૨૩ | નોંધ નંબર ૧૩૫૫ ની અસલ | ૧૩૭ |
| ૨૪ | મોજે સુવાળાના ખાતા નં.૨૨૯ ની ૮–અની અસલ | ૧૩૮ |
| ૨૫ | મોજે સુવાળાના સર્વે નં.૨૪૮ ની ૭/૧૨ ની અસલ | ૧૩૯ |
| ૨૬ | મોજે સુવાળાના સર્વે નં.૨૫૧ ની ૭/૧૨ ની અસલ | ૧૪૦ |

| | | |
|---|---|---|
| ૨૭ | મોજે સુવાળાના સર્વે નં.૨૫૪ ની ૭/૧૨ ની અસલ | ૧૪૧ |
| ૨૮ | મોજે સુવાળાના સર્વે નં.૨૫૭ ની ૭/૧૨ ની અસલ | ૧૪૨ |
| ૨૯ | મોજે સુવાળાની નોંધ નંબર ૧૭૨૨ ની અસલ | ૧૪૩ |
| ૩૦ | મોજે સુવાળાની નોંધ નંબર ૧૭૭૬ની અસલ | ૧૪૪ |
| ૩૧ | નામદાર હાઇકોર્ટના હુકમની અસલ નકલ | ૧૪૫ |
| ૩૨ | સને–૧૯૬૬ થી સને–૨૦૨૪ સુધી જમીન મહેસુલ વેરા ભરેલ પહોંચોની અસલ | ૧૪૬ |
| ૩૩ | ઘઉં માર્કેટમાં વેચ્યા તેના અસલ બીલોની નકલ તેમજ જુવાર અને યુરીયા ખાતરનું અસલ બીલ તેમજ ડીએપીએ અને ઘઉંનું અસલ બીલ | ૧૪૭ |
| ૩૪ | ખાતા નંબર ૮૧ ની જુની ૮–અ ની અસલ નકલ | ૧૪૮ |
| ૩૫ | ખાતા નંબર ૧૦૯ ની જુની ૮–અ ની અસલ નકલ | ૧૪૯ |
| ૩૬ | પ્રાંતશ્રીમાં અંબાબેન તથા આશાભાઇ ગોપાલભાઇએ કરેલ અપીલની સર્ટીફાઇડ નકલ | ૧૫૭ |
| ૩૭ | પ્રાંતશ્રીના હુકમના આધારે તા.૨૦/૧૨/૧૯૮૫ ના રોજ પડેલ નોંધ નં.૧૪૭૪ સહ ભાગીદારની નોંધની સર્ટીફાઇડ નકલ | ૧૫૮ |
| ૩૮ | મામલતદારશ્રી, વિરમગામના નોંધ નં.૧૬૫૭ તેમજ નોંધ નં.૧૬૫૮ મંજુર કરેલ તે હુકમની સર્ટીફાઇડ નકલ | ૧૫૯ |
| ૩૯ | મહેસુલ પંચમાં સંપત ચતુરે કરેલ રીવીઝન અરજીમાં કરેલ હુકમની સર્ટીફાઇડ નકલ | ૧૬૦ |
| ૪૦ | નામદાર હાઇકોર્ટમાં કરેલ સંપત ચતુરે કરેલ પીટીશન રદ્દ કરેલ તે હુકમની નકલ | ૧૬૧ |
| ૪૧ | નાણા ભર્યાની પાસબુકની પહોંચ નં.૨૩૫ ની નકલ | ૧૬૨ |
| ૪૨ | નાણાં ભર્યાની પાસ બુકની પહોંચ નં.૮૩ ની નકલ | ૧૬૩ |
| ૪૩ | અંબાબેને ગોપાલ વરવાનો કરી આપેલ વીલની નકલ | ૧૬૪ |

**(૧૪)** આ કામે વાદી તરફે રજુ દસ્તાવેજોને આંક આપવા આંક–૧૧૪ તથા આંક–૧૫૬ થી અરજીઓ આપેલ હતી. જેમાં જે તે સમયે અરજી સાંભળવા માંટે મુલતવી રાખેલ હતી. ત્યારબાદ આ કામે મારા પુરોગામી અધીકારીશ્રીએ હુકમ કરી તેને આંક આપેલ છે. તે સીવાય વાદી તરફે વધુ કોઇ પુરાવાઓ રજુ કરેલ નથી અને આંક– ૧૬૫થી તેઓ તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૧૫)** આ કામે પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના લેખિત તથા મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખીક પુરાવાઓઃ–</u>**

| **અનુ.નં.** | **મૌખિક પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.૧ સંપતભાઇ ચતુરભાઇ દંતાણીનું સરતપાસનુ સોગંદનામુ. | ૧૬૭ |
| ૨ | પ્રતિવાદી નં.૩ કોકીલાબેન જયચંદભાઇ દંતાણીનું સરતપાસનું સોગંદનામુ. | ૧૭૩ |

**<u>દસ્તાવેજી પુરાવોઃ–</u>**

| **અનુ. નં.** | **દસ્તાવેજી પુરાવો** | **ટેન્ટેટીવ આંક** |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી નં.૧ ની એલ.સી.ના પ્રમાણપત્રની પ્રમાંણીત નકલ | ૧૭૦ |
| ૨. | પ્રતિવાદી નં.૧ નું લીવીંગ સર્ટીફીકેટ અસલ | ૧૭૨ |
| ૩. | દેત્રોજ પો.સ્ટે.એમ.કેસ.નં.૦૬/૨૦૦૧ની ખરી નકલ | ૧૭૬ |
| ૪. | અંબાબેને કરી આપેલ વીલની ખરી નકલ | ૧૭૭ |
| ૫. | મેટ્રોપોલીટન રૂબરૂનું અંબાબેને કરી આપેલ વીલની ખરી નકલ | ૧૭૮ |

| | | |
|---|---|---|
| ૬. | એફ.એસ.એલ.અધિકારીશ્રીડી.કે.પટેલના રીપોર્ટની નકલ | ૧૭૯ |
| ૭ | દેત્રોજ કોર્ટ ક્રિ.કે.નં.૩૦૦/૨૦૧૮ની ચાર્જ સહીત ફોર્મની ખરી નકલ | ૧૮૦ |
| ૮ | દાવાવાળી જમીનની નોંધ નં.૧૪૭૪ ની ખરી નકલ | ૧૮૧ |
| ૯ | દાવાવાળી જમીનની નોંધ નં.૧૪૮૭ની ખરી નકલ | ૧૮૨ |
| ૧૦ | દાવાવાળી જમીનની નોંધ નં.૧૪૯૩ની ખરી નકલ | ૧૮૩ |
| ૧૧ | સુંવાળા ગામ સર્વે નં. ૨૨૧/૩, ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ ની ગામ નમુના નંબર ૭, ૭-અ તથા ૧૨ ની નકલ. | ૧૮૪ |

આ કામે પ્રતિવાદી નં.૩ તર્ફે આંક-૧૮૫ થી તેઓ વધુ કોઈ પુરાવા તપાસવામાં માંગતા ન હોય ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૧૬)** આ કામે વાદીઓ દવારા આંક-૧૮૮ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે અને તેમાં દાવાઅરજીની હકીકતોને વળગી રહેલ છે અને પોતાના દસ્તાવેજી પુરાવાને સમર્થન આપેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે આ કામે દાવાવાળી જમીન કટોસણ સ્ટેટના દરબારના નામે હતી જેમા પટની રકમ ભરી જયચંદભાઇ વરવાભાઇ તેના માલીક બનેલ હતા જે વાદીના મોટાભાઇ થતા હતા અને તેઓ આ જમીનમાં ખેતી કરતા હતા. વધુમા તેઓની રજુઆત છે કે વાદીપણ તેઓને ખેતીકામમા મદદ કરતા હતા અને તા.૨૫/૧૨/૧૯૭૬ ના રોજ જયચંદભાઇ ગુજરી જતા તેમના વારસ તરીકે અંબાબેનનુ નામ રેકર્ડમા દાખલ થયેલ હતુ અને ત્યારબાદ અંબાબેનની સહસમંતિથી વાદી આ જમીનના સહભાગીદાર બનેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે પ્રતિવાદીઓએ કયારેય પણ આ જમીનમા ખેતી કરેલ નથી. વળી પ્રતિવાદીઓ રાજકીય વગ ધરાવતા હોય તેઓએ નોંધ નં. ૧૩૫૫ ખોટી તેમજ ગેરકાયદેસરની દાખલ કરાવેલી જે નોંધ રદ કરવા માટે પ્રાંત ઓફીસર સાહેબ સમક્ષ વિવાદ અરજી ૨૦/૮૫ અંબાબેને દાખલ કરતા તેની પાવર

ઓફ એટર્ની અંબાબેને આશાભાઈ ગોપાલભાઈને આપેલ હતી અને ત્યારબાદ આ નોંધ ગેરકાયદેસર અને રદબાતલ ઠરાવેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે પ્રતિવાદી નં. ૧ ,૨ નાએ ઉપરોકત હુકમ સામે નામ. કલેકટરશ્રી સાહેબને અપીલ અરજી ૩/૮૬ કરેલ જે તા.૨૨/૯/૮૬ થી નામંજુર કરેલ છે. અને ત્યારબાદ તેઓએ રે.દી.મુ. નુ. ૨૬૭/૮૮ અત્રેની કોર્ટમા દાખલ કરેલ છે આમ પ્રતિવાદીઓએ વાદીને ખોટા ખર્ચમા નાખવા કાર્યવાહી કરેલ છે વધુમાં તેઓની રજુઆત છે કે તા.૪/૨/૮૬ ના રોજ વાદીના કાકી અંબાબેને વાદીના પિતા ગોપાલભાઈ તથા આશાભાઈ તથા બાબુભાઈને એક વીલ યાને વસીયતનામુ કરી આપેલુ અને ત્યારબાદ તા.૩૦/૩/૮૬ ના રોજ અંબાબેન ગુજરી જતા વાદીના નામે આ મીલકત રેવન્યુ રેકર્ડમા ચઢેલ છે. વધુમો વાદીએ રજુ કરેલ દસ્તાવેજો તેઓ ઓળખી બતાવે છે આ કામે રજુ થયેલ પુરાવાઓનુ વિગતવાર ચર્ચા કરેલ છે. જેથી તે પુનરાવર્તન ટાળવા સમગ્ર પુરાવાની ચર્ચા કરેલ નથી. આમ, તેઓ વધુમા જણાવે છે કે વાદી છેલ્લા ૫૦ વર્ષ ઉપરાંતથી ખેડતા આવેલ છે તે બાબત પ્રતિવાદીઓ સારી પેઠે જાણતા હોવા છતા પણ તેઓએ ખોટી કાર્યવાહીઓ કરી વાદીઓને ખોટા ખર્ચમા નાખેલ છે. જેથી હાલનો દાવો ખર્ચ સહીત મંજુર કરવા અરજ કરેલ છે. તેમજ સદર કામે તેઓએ નામદાર Gopalakrishna(D) by Lrs. ans Others Vs. Narayanagowda (Dead) by Lrs. and Others. Civil Application No. 1332 of 2008, Decided on April 3,2019 નુ જજમેન્ટ રજુ કરેલ છે.

**(૧૭)** ત્યારબાદ આ કામે પ્રતિવાદીનં. ૧ અને ૨ તરફે મૌખીક દલીલો કરવામાં આવેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે વાદીનો દાવો ટકી શકે તેમ ન હોય રદ કરવા વિનંતી કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે દાવાવાળી તકરારી જમીનો તેઓના પિતા ચતુરભાઈ વરવાભાઈને આપવામાં આવેલ હતી અને તે અંગેની સનદ પણ ૧૯૪૭ ની સાલમાં આપેલ હતી. ત્યારબાદ વાદીના પિતા સામાન્ય ગણોતીયા અને કાયમી ગણોતીયા બનતા તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલ

હતી. જે આ કામે રજુ કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે જયચંદભાઇ વરવાભાઇએ ખોટી રીતે પટની રકમ ભરી અને તલાટી સાથે મળી જઇ ખોટી એન્ટ્રી ઉભી કરેલ છે. હકીકતમાં તકરારી જમીન તે પ્રતિવાદી નં. ૧ અને ૨ ના પિતાજીની હતી અને ત્યારબાદ તેઓને વારસાઇ હકકે મળેલ છે. આમ તેઓ આ જમીનના કાયદેસરના માલિક અને કબજેદાર છે. વધુમાં તેઓની રજુઆત છે કે આ કામે જો જયચંદભાઈની એન્ટ્રી ખરી માનવામાં આવે તો પણ તેના વારસદાર તરીકે પ્રતિવાદી નં. ૩ કોકીલાબેન જયચંદભાઇના વારસદાર બને છે. આ સંજોગોમાં વાદીએ વીલના આધારે માલિક બનેલ હોવાની ખોટી એન્ટ્રી પડાવેલ છે. વધુમાં ત્યારબાદ સદર જમીનમાં વાદીઓનો અડધો ભાગ હોવાની ખોટી એન્ટ્રી પણ તેઓએ પડાવેલ છે. હકીકતમાં કોકીલાબેને હાજર થઇ જવાબ રજુ કરેલ છે તેમજ તેઓનો પુરાવો પણ તેઓએ રજુ કરેલ છે તેને ધ્યાનમાં લેતા આવી કોઇ સહમતિ કે જવાબ સબંધિત ઓથોરીટીને તેઓએ લખાવેલ નથી કે અંબાબેને કયારેય આ કામના વાદીને મિલકત સોંપતુ કોઇ વીલ કરેલ નથી. આમ વાદીનો દાવો સાબીત થઇ શકતો ન હોય તેને રદ કરવા વિનંતી કરેલ છે. તેમજ આ સાથે સંલગ્ન રે.દી.મુ.નં. ૨૬૭/૧૯૮૮ ના દાવામાં તેઓ વાદી હોય તેઓએ તે દાવો સાબિત કરેલ હોય તે દાવો મંજુર કરવા અને હાલનો દાવો ડીસમીસ કરવા વિનંતી કરેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી નં. ૩ તરફે વિ.વ.શ્રીએ હાજર થઇ પોતાની વિગતવારની રજુઆતો કરેલ છે. જેમાં તેઓએ દાવો રદ કરવા રજુઆત કરેલ છે. વળી દાવાવાળી જમીનમાં તેઓ માલિક હોય દાવો ખોટો અને ગેરકાયદેસરનો હોય રદ કરવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે દાવાવાળી તકરારી જમીન તેઓના પિતાજીના નામે હતી. વળી નોંધ નં.૧૪૭૪ અંગે તેઓ જણાવે છે કે આ નોંધ પણ ખોટી પાડવામાં આવેલ છે. વળી જે તે સમયે તેઓ સગીર વયના હતા અને આ નોંધમાં તેઓના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે તેઓના કોઇ વાલીને પણ નિમવામાં આવેલ નથી. તેમાં અંબાબેનનો જવાબ માની શકાય તેમ નથી. વળી ૧૬૫૭, ૧૬૫૮, ૧૪૭૪, ૧૪૮૭ વાળી નોંધો માન્ય રાખતો કોઇ હુકમ

કરવામાં આવેલ નથી. તેથી આ નોંધો રદ કરવાને પાત્ર છે. આમ, વાદીએ ખોટુ વીલ ઉભુ કરેલ હોય દાવો રદ થવાને પાત્ર ઠરે છે તેમ જણાવે છે. અંબાબેનનુ તા.૨૦/૫/૮૫ નુ વીલ તેમજ તા.૪/૨/૮૬ ના રોજનુ વીલ નામદાર દેત્રોજ કોર્ટે એફ.એસ.એલ.માં મોકલતા બંને વીલના અંગુઠા મળતા ન આવતા હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે જેથી તે કેસમાં પોલીસે ચાર્જશીટ પણ દાખલ કરેલ છે. વધુમાં અંબાબેનને આ મિલકત વડીલોપાર્જીત મળેલ હોય તેમનુ વીલ પણ થઇ શકે તેમ ન હોય વાદીએ પડાવેલ નોંધ તે રીતે પણ ખોટી હોય, વાદી ચોખ્ખા હાથે આવેલ ન હોય દાવો રદ કરવા વિનંતી કરેલ છે.

(૧૮) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ આંક–૭૪ થી મારા પુરોગામી અધીકારીશ્રીએ કાઢેલ છે. જે નીચે મુજબ છે.

**<u>મુદ્દાઓ</u>**

૧. શું વાદી સાબીત કરે છે કે , દાવાવાળી મીલકત જયચંદ વરવાએ છ પટના નાણાં સરકારશ્રીમાં જમાં કરાવી, દાવાવાળી મીલકત ખરીદી માલીક બન્યા છે ?

૨. શું વાદી સાબીત કરે છે કે, જયચંદભાઇ વરવાભાઇ વેરો–વીઘોટી ભરતા હતા ?

૩. શું વાદી સાબીત કરે છે કે, તેઓ ગુજરનાર જયચંદ વરવાને ખેતીમાં મદદ કરતા હતા ?

૪. શું વાદી સાબીત કરે છે કે,સહભાગીદાર અંગેની હકપત્રકની નોંધ નં.૧૪૭૪ ખરી અને કાયદેસર છે ?

૫. શું વાદી સાબીત કરે છે કે, ચતુરભાઇના વારસો અંગેની હકપત્રકની નોંધ નં.૧૩૫૫ ખોટી અને ગેરકાયદેસર છે ?

૬. શું વાદી સાબીત કરે છે કે, ગુજરનાર અંબાબેને તા.૦૪/૦૨/૮૬ના રોજ વસીયતનામુ કરી આપેલ તે આધારે માલીકી હક ધરાવે છે ?

૭. શું પ્રતિવાદી નં.૧, ૨ સાબીત કરે છે કે, વાદીએ દાવામાં મહત્વની હકીકત છુપાવેલ છે ?

૮. શું પ્રતિવાદી નં.૧, ૨ સાબીત કરે છે કે, ગુજરનાર ચતુરભાઇ, ઠાકોર કીર્તીસીંહ તખતસીંહના ગણોતીયા હતા ? અને ગણોતધારાની જોગવાઈઓનો લાભ તેમને મળવાપાત્ર હતો ?

૯. શું પ્રતિવાદી નં.૧, ૨ સાબીત કરે છે કે, ગુજરનાર જયચંદભાઇ વરવાભાઈએ છ પટના નાણાં પોતાના નામે ખોટી રીતે ભરી હકપત્રકની નોંધ નં.૧૬૧ પડાવેલ છે ?

૧૦. શું પ્રતિવાદી નં.૩ સાબીત કરે છે કે, વાદીની તરફેણમાં તેમના માતૃશ્રી અંબાબેને તા.૦૪/૦૨/૮૬ નું કરી આપેલ વીલ ખોટુ છે અને તા.૨૧/૦૪/૮૪ના રોજ તેમના માતૃશ્રીએ કરી આપેલ વીલ ખરુ છે?

૧૧. શું પ્રતિવાદી નં.૩ પુરવાર કરે છે કે, જયચંદ વરવાએ મંગુબેન પાસેથી પટની રકમ લઈને જમાં કરાવેલી ?

૧૨. શું વાદીને દાવો દાખલ કરવા કારણ ઉત્પન્ન થયેલ છે ?

૧૩. શું વાદી માંગણી પ્રમાણે દાદ મેળવવા હકકદાર છે ?

૧૪. શુ હુકમ અને હુકમનામું ?

**(૧૯)** ઉપરનાં મુદ્દાઓનાં માંરા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં
(૨) હકારમાં
(૩) નકારમાં
(૪) નકારમાં
(૫) હકારમાં
(૬) નકારમાં
(૭) નકારમાં
(૮) નકારમાં
(૯) નકારમાં
(૧૦) અંશત: હકારમાં અને અંશત:નકારમાં
(૧૧) નકારમાં

(૧૨) નકારમાં
(૧૩) નકારમાં
(૧૪) આખરી હુકમ મુજબ

**(૨૦)** ઉપરનાં નિર્ણયો સુધી પહોચવાનાં મારા **કારણો** નીચે મુજબ છે.

આ કામે પડેલા પુરાવાઓ જોઇએ તો, વાદીએ સૌપ્રથમ **આંક– ૧૧૨ થી વાદી નં. ૨ બાબુભાઇ ગોપાલભાઇ**નુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે જણાવે છે કે આ દાવાવાળી જમીનના મુળ માલીક કટોસણના દરબાર કીર્તીસિંહ તખતસિંહજી પાસેથી જયચંદભાઇ વરવાભાઇએ છ પટની રકમ રૂા. ૬૦ અને છ આના ભરીને તેઓ માલીક બનેલા ત્યારબાદ વાદીઓના પિતાના તેઓ મોટા ભાઇ થતા હોય તેઓ પણ જરૂર પડે ત્યારે ખેતીકામમાં મદદ કરતા હતા. વધુમાં તેઓની રજુઆત છે કે તા. ૨૫/૧૨/૧૯૭૬ ના રોજ જયચંદભાઇ વરવાભાઇ ગુજરી ગયેલ ત્યારબાદ વારસાઇ હકથી દાવાવાળી મિલકત અંબાબેન જયચંદભાઇની વિધવાના નામે સદર જમીન સરકારી રેકર્ડમાં દાખલ થયેલી હતી અને અંબાબેનની સહસમંતિ આવતા તેઓના જવાબથી સદર મિલકતમાં વાદીઓના નામ નોંધ નં. ૧૪૭૪ થી દાખલ થયેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે આ કામે પ્રતિવાદી નં. ૧ ઇન્ડસ્ટ્રીયલ બેંકમાં નોકરી કરે છે તેમજ પ્રતિવાદી નં. ૨ તેઓ ગાંધીનગરમાં સરકારી નોકરી કરતા હતા અને તેઓએ કયારેય પણ ગામમાં આવી ખેતી કરેલ નથી તેમ છતા પણ પ્રતિવાદીઓને સારી એવી રાજકીય લાગવાગ અને ઓળખાણ હોય તેઓએ ખોટી રીતે નોંધ નં. ૧૩૫૫ તા.૨૬/૦૫/૧૯૮૦ ના રોજ પડાવેલ હતી. જેની જાણ થતા અંબાબેને તે એન્ટ્રી રદ કરવા માટે મહે. પ્રાંત અધીકારી શ્રી સમક્ષ વીવાદી અરજી નંબર ૨૦/૮૫ કરેલ. તે દરમ્યાન અંબાબેન બીમાર પડતા અંબાબેને આ કામ અંગે હાજર રહી કામ ચલાવવા પાવર ઓફ એટર્ની આશાભાઇ ગોપાલભાઇને લખી આપેલ હતી અને ત્યારબાદ નોંધ નં. ૧૩૫૫ રદ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે આ હુકમ સામે પ્રતિવાદી નં. ૧,૨

નાઓએ નામ. કલેકટરશ્રી સમક્ષ અપીલ નં. ૩/૮૬ થી કરેલ જે પણ તેઓએ નામંજુર કરેલ અને મહે. પ્રાંત અધીકારીનો હુકમ કાયમ કરેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીઓએ આર.સી.એસ. ૨૬૭/૮૮ થી વાદીના પિતાને હેરાન કરવા ખોટા ખર્ચમાં નાખી ખોટી રીતે જમીન પડાવી લેવા ખોટો દાવો કરેલાનુ જણાવે છે તેમજ તેઓ જણાવે છે કે વાદીના કાકી બીમાર અને વૃધ્ધ હોય તેઓની સારવાર ગુજરનાર વાદીના પુત્ર રાખતા હતા. તેથી વાદીના પિતા ગોપાલભાઇ વરવાભાઇ, આશાભાઇ ગોપાલભાઇ, બાબુભાઇ ગોપાલભાઇ, અંબાબેન જયચંદભાઇના નામે તા.૪/૨/૧૯૮૬ ના રોજ વીલ કરી આપેલુ છે. તેમજ અંબાબેન જયચંદભાઇનુ અવશાન તા.૩૦/૩/૧૯૮૬ ના રોજ થયેલ છે. આમ વાદીના પિતા ગોપાલભાઇનુ નામ સરકારી રેકર્ડમાં નોંધ નં. ૧૪૭૩, ૧૪૭૪, ૧૪૮૭ થી દાખલ થયેલ છે. અને તે રીતે વાદી તે જમીનના માલીક બનેલ છે ત્યારબાદ સદર સાહેદે તેઓએ રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવા ઓળખી બતાવે છે.

આ કામે પ્રતિવાદી નં.૩ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં મુખ્યત્વે તેઓએ કબુલ કરેલ છે કે, નોંધ નં.૧૬૧ થી જયચંદભાઇ વરવાભાઇ ૬ પટની રકમ ૬૦ રૂપીયા અને ૬ આના કીર્તીસીંહજી તખતસીંહજી દરબારને ભરી આ દાવાવાળી જમીનનાં માલીક બનેલ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જયચંદભાઇના ગુજરી ગયા બાદ આ જમીન અંબાબેન જયચંદભાઇના નામે ચઢેલી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ જમીન અંબાબેને વારસામાં મળેલી છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અંબાબેન સાથે તેમના દીકરી કોકીલાબેનનું નામ પણ આ કામે દાખલ થયેલુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોકીલાબેને આશાભાઇ તેમજ ગોપાલભાઇને કોઇ વીલ કરી આપેલ નથી. એ વાતની તેઓને ખબર નથી કે કોકીલાબેનના વાલી તરીકે અંબાબેન હોવા અંગેનો કોઇ હુકમ તેમના વડવાઓએ લીધેલો નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પિતા ગોપાલભાઇ તથા આશાભાઇ ઉપર ફરીયાદ

સંપતભાઇ ચતુરભાઇ નાઓએ દેત્રોજ કોર્ટમાં કરેલી. જે ક્રિમીનલ કેસ નં.૩૦૦/૨૦૧૮ થી કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ ફરીયાદ ખોટી છે. એ વાતની તેમને ખબર નથી કે અંબાબેને જે વીલ કરેલુ અને તા.૨૦/૦૫/૧૯૮૫ ના મેજીસ્ટ્રેટશ્રીની રુબરુ કરેલા પાવર ઓફ એટર્નીમાં અંગુઠાનું નિશાન મળતુ ન હોવાનો રીપોર્ટ એફ.એસ.એલ.નો રીપોર્ટ આવેલો કે કેમ. એ વાતની તેઓને ખબર નથી કે આ ક્રિમીનલ કેસમાં સંપતભાઇએ જુબાની દરમ્યાન એમ જણાવેલ છે કે આ જમીનમાં માત્ર કોકીલાબેનનો ભાગ રહેલો છે કે કેમ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બંને દાવામાં યથાવત પરીસ્થિતી રાખવાનો હુકમ થયેલો છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આર.ટી.એસ.અપીલ ૩૬૬/૨૦૨૪ થી પ્રાંતઅધિકારી સાહેબની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. એ વાતની તેઓને ખબર નથી કે, ૧૬૫૮ની નોંધ મામલતદારે રદ્દ કરેલી છે કે કેમ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ સમયગાળામાં સંપતભાઇએ આ જમીનમાં ભાગ માંગેલ નથી કે ખેતી કરેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સંપતભાઇએ રે.દી.મુ.નં.૨૬૭/૧૯૮૮ નો દાવો ખોટો કરેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સંપતભાઇએ મહેસુલ વિભાગમાં રીવીઝન કરતાં તે રીવીઝન પણ રદ્દ કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, નામદાર હાઇકોર્ટે પણ કાઢી નાખેલ છે.

આ કામે પ્રતિવાદી નં.૧ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં મુખ્યત્વે તેઓએ જણાવેલ છે કે, તેમની જન્મ તારીખ ૨૦/૦૬/૧૯૫૮ છે અને તેમને ૬૭ વર્ષ થયા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જયચંદ વરવાભાઇ, ગોપાલભાઇ વરવાભાઇ, ચતુરભાઇ વરવાભાઇ ત્રણ ભાઇઓ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ગોપાલભાઇ વરવાભાઇનો દીકરો અને કાયદેસરનો વારસદાર છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલમાં આ ત્રણેય ભાઇ જયચંદભાઇ, ચતુરભાઇ, ગોપાલભાઇનું અવસાન થયેલ છે. ચતુરભાઇ વરવાભાઇનું અવસાન તા.૧૩/૦૫/૧૯૫૬ તથા

જયચંદભાઇ વરવાભાઇનું અવસાન તા.૨૫/૧૨/૧૯૭૬ તથા ગોપાલભાઇ વરવાભાઇનું અવસાન તા.૦૫/૧૨/૧૯૯૮ માં થયેલુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના વાદી તેમજ પ્રતિવાદી એક જ કુટુંબના સભ્યો છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના પ્રતિવાદીએ આ જ પક્ષકારો વચ્ચે આ જ દાવાવાળી મીલકત બાબતે દાવો કરેલ છે. જેનો નં.૨૬૭/૧૯૮૮ નો છે. તેમના દાદાનું નામ વરવાભાઇ ડોસાભાઇ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે વરવાભાઇ ડોસાભાઇનું પેઢીનામુ રજુ કરેલુ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના પ્રતિવાદી નં.૧ સંપતભાઇ ચતુરભાઇની ઉંમર હાલમાં આશરે ૭૫ થી ૭૬ વર્ષની હશે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ચતુરભાઇ વરવાભાઇના મરણ તા.૧૩/૦૫/૧૯૫૬ ના રોજ મરણ ગયેલા તે સમયે તેમનો જન્મ થયેલ ન હતો. એ વાતની તેમને ખબર નથી કે, પ્રતિવાદી નં.૧ ના પિતાજી ચતુરભાઇ વરવાભાઇ ગુજરી ગયેલા ત્યારે પ્રતિવાદી નં.૧ સંપતભાઇની ઉંમર ૭ વર્ષ અને તેમનો નાનોભાઇ જામાભાઇ તે ૬.૫ માસના હતા. એ વાતની તેમને ખબર નથી કે, ચતુરભાઇના પત્ની મંગુબેન અભણ હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જયચંદભાઇના પ્રથમ પત્ની અંબાબેન હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,  જયચંદભાઇને સંતાન ન થતાં બીજા લગ્ન કરેલા. બીજા લગ્ન સાકુબેન સાથે કરેલા અને આ લગનથી પ્રતિવાદી નં.૩ કોકીલાબેનનો જન્મ થયેલો. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે જયચંદભાઇ વરવાભાઇ, ગોપાલભાઇ વરવાભાઇ તથા ચતુરભાઇ વરવાભાઇના મરણ દાખલા આ કામે રજુ કરેલ નથી. તેઓને આંક-૧૧૯ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તે ગામ નમુના નંબર ૬ નું હકપત્રક છે. જેમાં નોંધ નંબર ૫, તા.૧૧/૦૨/૧૯૫૪ ના રોજની છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દાવાવાળી જમીન દરબાર કીર્તીસીંહ તખતસીંહના નામે ચાલતી હતી અને તેઓ કબજો ધરાવતા હતા. તેમને આંક-૧૨૦ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તે ગામ નમુના નંબર ૬ નુ હકપત્રક છે. જેમાં નોંધ નંબર ૩૯,

તા.૧૮/૦૭/૧૯૫૬ ના રોજની છે. તેઓને આંક–૧૨૦ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે, તેમાં સામાન્ય ગણોતીયા તરીકે હક પ્રાપ્ત થતાં હોવાની એન્ટ્રી કરેલ છે. સાહેદ જણાવે છે કે આ ખોટી નોંધ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ચતુરભાઇ વરવાભાઇની સામાન્ય ગણોતીયા તરીકે આ દાવાનાં તકરારી ચારેય બ્લોકમાં નામ ચઢેલુ છે. સાહેદ જણાવે છે કે, આ નોંધ ખોટી છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૧૨૦માં સામાન્ય ગણોતીયા તરીકે માંથી કાયમી ગણોતીયા તરીકેની કાર્યવાહી તેઓએ કરેલ હતી તેથી તેની નોંધ તેમાં પાડવામાં આવેલી છે. સાહેદ જણાવે છે કે, આ એન્ટ્રી ખોટી છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૧૨૦ થી રજુ નોંધ નં.૩૯ માં જયચંદભાઇ વરવાભાઇ કે ગોપાલભાઇ વરવાભાઇનું દાવાવાળી મીલકતના સામાન્ય ગણોતીયા તરીકે નામ દર્શાવેલુ નથી. સાહેદ જણાવે છે કે પાછળથી નામ આવ્યા છે. તેમને આંક–૧૨૧ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તે નોંધ નં.૪૫ છે તેમાં ચતુરભાઇ વરવાભાઇનું નામ સામાન્યમાંથી કાયમી કરવા અરજી કરતાં તે અંગેની નોંધ કરેલ તે છે. સાહેદ જણાવે છે કે આ નોંધ ખોટી છે. વધુમાં તેઓને સવાલ પુછવામાં આવે છે કે, સામાન્ય રીતે કાયમી ગણોતીયાએ પટની રકમ ભરવાની હોય તે અંગે તમારે શું કહેવુ છે ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, આ પટની રકમ જયચંદભાઇ વરવાભાઇએ ભરેલ હતી. તેથી તેઓ આ જમીનના માલીક બનેલા કહેવાય. તેમને આંક–૧૨૨ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તે નોંધ નં.૯૨ છે. જે નોંધમાં તા.૨૬/૦૭/૧૯૫૭ ના રોજ પડેલ છે. જેમાં ચતુરભાઇ વરવાભાઇ ગુજરી જવાથી તેના વારસ તરીકે જયચંદભાઇ વરવાભાઇ આવતા હોવાથી વારસદાર તેમજ ગામ લોકોના જવાબ લઇ નોંધ કરેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ નોંધમાં ચારેય બ્લોક નંબર સામેલ છે. એ વાતની તેમને ખબર નથી કે નોંધ નં.૯૨ પડેલ તે સમયે ચતુરભાઇ વરવાભાઇના વારસ તરીકે તેમના પત્ની મંગુબેન તથા બે સગીર સંપતભાઇ તથા જામાભાઇ આ વખતે હાજર હતા કે કેમ. એ વાતની તેમને ખબર નથી કે, નોંધ નં.૯૨, તા.૨૬/૦૭/૧૯૫૭ ના રોજ પડેલી તે સમયે ચતુરભાઇના વારસદાર

મંગુબેન, સંપતભાઇ, જામાભાઇ હયાત હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મંગુબેન તથા જામાભાઇ ગુજરી ગયેલ છે. તેઓ કયારે ગુજરી ગયા તે તેઓ કહી શકતા નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સંપતભાઇ ચતુરભાઇ હયાત છે. વધુમાં તેઓને સવાલ પુછવામાં આવે છે કે, તેમને આંક-૧૨૨ ની નોંધ નં.૯૨ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તેમાં જયચંદભાઇ વરવાભાઇ એ ચતુરભાઇ વરવાભાઇના વારસ તરીકે દાખલ થવા માંટે કોઇ અરજી આપી હોય, કોઇ સોગંદનામુ રજુ કર્યુ હોય, કે ગુજરનારનો મરણનો દાખલો રજુ કર્યુ હોય કે કોઇ પેઢીનામુ રજુ કર્યુ હોય, કે કોઇ પંચનામુ કરવામાં આવ્યુ હોય તેવી કોઇ હકીકત વિગતમાં દર્શાવ્યુ નથી ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, મને ખબર નથી. વધુમાં તેઓને એ વાતની ખબર નથી કે આ નોંધમાં એવો શેરો કરેલો છે કે, ‘ચતુર વરવાભાઇનું પેઢીનામુ પંચોની ખાતરી સહજ કરવુ અને કાયમાં ગણોત હકના બીજા નંબરો પણ વારસનામામાં દાખલ કર્યા બાદ રજુ કરવી.’ એ વાતની તેઓને ખબર નથી કે, ‘ આ નોંધ મંજુર થયેલ ન હતી.’ એ વાતની તેઓને ખબર નથી કે, ‘આ નોંધના આધારે તકરારી મીલકતમાં જયચંદભાઇ વરવાભાઇનું નામ દાખલ ગણી શકાય નહી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નોંધ નં.૧૬૧ ઉપરની નોંધ થયાના ૪ દિવસ બાદ પાડવામાં આવેલી. તેઓને આંક-૧૨૨ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તેમાં એવી નોંધ કરેલી છે કે, ‘ નોંધ નં.૧૬૧ થી જયચંદ વરવાભાઇ માલીક થઇ ગયેલ છે. ચતુર વરવાભાઇને વારસમાં વિધવા વિગેરે હોવાથી તપાસ કરી નવેસરથી એન્ટ્રી પાડવી.’ એ વાતની તેઓને ખબર નથી કે, આ નોંધો અંગે કોઇ સોગંદનામુ કે પેઢીનામુ કે મરણનો દાખલો જે તે સમયે રજુ કરેલ નથી અને આ નોંધ પ્રમાણીત પણ થયેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નોંધ નં.૧૩૫૫, તા.૨૬/૦૫/૧૯૮૦ ની સંપતભાઇ તેમજ જામાભાઇ પુખ્ત ઉંમરના થતાં તેઓની નોંધ પડેલી છે તે જ છે. સાહેદ જણાવે છે કે, આ નોંધ ખોટી છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ નોંધ સામે અંબાબેને પ્રાંતઅધિકારી સમક્ષ આર.ટી.એસ. અપીલ નં.૨૦/૮૫ થી કરેલી. આ અપીલ મંજુર કરેલી છે

તેમજ નવેસરથી નામ દાખલ કરવાનો હુકમ થયેલો. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ અપીલમાં એવો હુકમ થયેલ છે કે, ' બંને તરફના પક્ષકારોને સાંભળી પુરાવાની તપાસ કરી ખાતરી કર્યા બાદ રેવન્યુ રેકર્ડ પ્રમાણે ખરા વારસ જે બનતા હોય તેમનું નામ પ્રશ્ન વાળી જમીનમાં વારસાઇથી દાખલ કરવા મામલતદારશ્રીને હુકમ કરવામાં આવે છે.' વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ત્યારબાદ નોંધ નં. ૧૪૭૪ થી નોંધ પાડવામાં આવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ નોંધમાં જયચંદભાઇ સાથે ગોપાલભાઇ વરવાભાઇનું નામ લેખીત અંબાબેન તેમજ કોકીલાબેનના લેખીત જવાબથી દાખલ કરવામાં આવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ અંબાબેન તથા કોકીલાબેનના લેખીત જવાબની હકીકત આ નોંધમાં જણાવેલી નથી. સાહેદ જણાવે છે કે, આ જવાબ આ કામે રજુ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નામ.કલેકટર સાહેબે એલ.બી.રીવીઝન નં.૭૫/૯૬ ના કામે નોંધ નં.૧૬૫૭ માંન્ય રાખેલ છે તથા ૧૬૫૮ રદ્દ કરેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ૧૬૫૮ ની નોંધ જે અંબાબેને તેમના પિતાશ્રી ગોપાલભાઇ વરવાભાઇ તથા આશાભાઇ ગોપાલભાઇના નામ અને તેઓ પોતે બાબુભાઇ ગોપાલભાઇને વીલના આધારે આપેલ હતી તે નોંધ રદ્દ કરાવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ હુકમ સામે તેઓ અગ્રસચીવમાં અપીલમાં ગયેલા જેમાં કલેકટર સાહેબનો હુકમ યથાવત રાખેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ વીલ સીવાય એક વીલ બીજુ હતુ. સાહેદ જણાવે છે કે, આ વીલ છાપરાનું હતુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બંને વીલો દેત્રોજ કોર્ટમાં ચાલતા ક્રિમીનલ કેસ નં.૩૦૦/૨૦૧૮ ના કામે રજુ કરવામાં આવેલા છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ વીલ અંબાબેનનું ૧૯૮૬ની સાલમાં થયેલુ. જેમાં ગોપાલભાઇ વરવાભાઇ તથા આશાભાઇ ગોપાલભાઇ તથા બાબુભાઇ ગોપાલભાઇની તરફેણમાં કરેલુ વીલ એફ.એસ.એલ. ની છાપ અને અંગુઠાંના નિશાન અલગ પડે છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમજ કોકીલાબેને બંનેના

વીલો બાબતે સામ સામે મહેસુલી તેમજ સીવીલ કાર્યવાહીઓ કરેલી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બંને વીલોમાંથી કોઇપણ વીલ સાચુ ઠરેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ વીલનું પ્રોબેટ તેઓએ લીધેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મહેસુલી નોંધો સીવાય દાવાવાળી મિલકતનો માલીકી હકક બતાવવા કોઈ આધાર પુરાવો નથી.

(૨૧) ત્યારબાદ આ કામે **આંક– ૧૬૭ થી પ્રતિવાદીનં. ૧ તરફે સાહેદ સંપતભાઈ ચતુરભાઈ દંતાણીને** તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, દાવાવાળી તકરારી મીલકતના તેઓ ખરા અને કાયદેસરના વારસદાર, માલીક અને કબજેદાર છે. સદર તકરારી જમીન તેમના પિતા ચતુરભાઈ વરવાભાઇને મળેલ. પરંતુ જે તે વખતે તેમના પિતાનું અવસાન થવાથી અને તે વખતે તેઓ પ્રતિવાદી નં.૧ સાત વર્ષની સગીર વયના, તેમના નાના ભાઈ ગુજરનાર પ્રતિવાદી નં.ર જામાભાઈ ફકત ૬॥ માસની ઉંમરના હોવાથી તથા ગુજરનાર તેમની માતા મંગુબેન ચતુરભાઈ વિધવા અને અભણ હોવાથી તેનો ગેરલાભ લઈ રેવન્યુ રેકર્ડમાં મહેસુલી તલાટી તેમજ અન્ય કર્મચારીઓ સાથે સાંઠગાંઠ કરી ખોટી નોંધો પડાવી તેમની તકરારી મીલકત બળજબરીથી, શામ,દંડ, ભેદની નીતીથી હડપ કરવાના પ્રયાસો કરેલ છે. તેઓની જન્મ તારીખના પુરાવા માંટે લીવીંગ સર્ટીફીકેટની પ્રમાણીત નકલ આ કામે રજુ કરેલ છે. આ કામના વાદીએ રજુ કેરલ નોંધ નં.પ, આંક–૧૧૯ તા.૧૧/૦ર/૧૯૫૪ મુજબ કીર્તીસીંહ તખતસીંહ જે ખેતરોનો કબજો ધરાવતા હતા તેમાં તકરારી સર્વે / બ્લોક નંબરો વાળા ખેતરોનો સમાવેશ થાય છે. ત્યારબાદ નોંધ નં. ૩૯, તા.૧૮/૦૭/૧૯૫૬, આંક–૧૨૦ મુજબ પ્રતિવાદી નં.૧ ના પિતા ચતુરભાઈ વરવાભાઈ તકરારી સર્વે નંબરોના સામાન્ય ગણોતીયા તરીકે રેવન્યુ રેકર્ડમાં તેમનું નામ ચાલતુ હતુ પરંતુ પ્રતિવાદી નં.૧ ના પિતાએ પોતાને સામાન્ય ગણોતીયા નહી પરંતુ કાયમી ગણોતીયા તરીકે ગણવા વાંધા અરજી તેમની હયાતીમાં આપેલ હોવાથી તે અરજી મંજુર થતાં ઠરાવ કરી

તેમને કાયમી ગણોતીયાના હકકો મળેલ તેની રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૩૯ માં જ નોંધ કરવામાં આવેલ છે અને તેની અલગ એન્ટ્રી પાડવા જણાવેલ છે. તેના આધારે નોંધ નં.૪૫ થી તા.૧૮/૧૨/૧૯૫૬ આંક–૧૨૧ ના રોજ કાયમી ખેડુત તરીકે તકરારી મીલકતોમાં ચતુરભાઇ વરવાભાઇની નામજોગ કાયમી ખેડુત તરીકે નોંધ પાડવામાં આવેલ. આ દરમ્યાન પ્રતિવાદી નં.૧ ના પિતાનું અવસાન થતાં તેમના કાકા જયચંદ વરવાભાઇએ તેમના એકલા વારસદાર હોવાની, તેઓ ચતુરભાઇ વરવાભાઇના વારસો હયાત હોવા છતાં ખોટી રજુઆત અને રેવન્યુ રેકર્ડના કર્મચારી સાથે મળી જઇ તેમના પિતાના તેઓ એકલા વારસદાર તરીકે તકરારી મીલકતમાં વારસાઇ નોંધ નં.૯૨, તા.૨૬/૦૭/૧૯૫૭, આંક–૧૨૨ થી પડાવેલ પરંતુ તે વેરીફાઇ થઇ પ્રમાણીત થયેલ નહી. આમ તે વખતે ખોટી નોંધ પડાવી તકરારી જમીનના એકમાંત્ર માલીક બની બેસવા પ્રયત્ન કરેલ પણ આ નોંધ દસ્તાવેજી પુરાવા વિના, વારસો છુપાવી પડાવેલ હોઇ તે મંજુર થયેલ નહી અને રીમાર્ક કરવામાં આવેલ. આ નોંધ ચાર જ દિવસમાં તા.૩૧/૦૭/૧૯૫૭ ના રોજ તેઓ પ્રતિવાદી નં.૧ ના કાકા જયચંદભાઇ વરવાભાઇએ તેમના પિતાની જમીનના માલીક બની બેસવા કે હડપ કરવા બીજો દાવો અજમાંવેલ. તેમના પિતાની ખેડુત તરીકે નોંધ પડી જતા જે પટ ભરવાના થાય તે તેમની સગીર અવસ્થા અને તેઓની માતૃશ્રીની અજ્ઞાનતાનો ગેરલાભ ઉઠાવી ચેનકેન પ્રકારે પટની રકમ પોતે ભરેલ છે તેવી ખોટી રજુઆતના આધારે માલીક બની બેસવા નોંધ નં.૧૬૧, તા.૩૧/૦૭/૧૯૫૭ ના રોજ આંક–૧૨૩ પડાવેલ જે બીલકુલ ખોટી છે. વાદીએ રજુ કરેલ નોંધ નં.૧૬૧ ની વિગત અને પટ ભર્યાની પહોંચ આંક–૧૬૨,૧૬૩ ની વિગત એકબીજાની વિરૂધ્ધ કે વિસંગત છે. ઉપરાંત નોંધ નં.૯૨ નાં રીમાર્કર્સમાં ફરી કવેરી કાઢવામાં આવેલ છે કે નોંધ નં.૧૬૧ થી જયચંદ વરવાભાઇ માલીક થઇ ગયેલ છે. તેઓના ભાઇ પુખ્ત વયના થતાં અને સમજણ પડતાં તેમના પિતાની વારસાઇ નોંધ નં.૧૩૫૫, આંક–૧૩૭, તા.૨૬/૦૫/૧૯૮૦ ના રોજ પાડવામાં આવેલ પરંતુ તેમાં પણ દાવાવાળા ત્રણ બ્લોક /સર્વે નંબરો ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ નો જ ઉલ્લેખ કરવામાં આવેલ અને ૨૨૧/૩ ભુલી ગયેલ છે. આ પહેલા તા.૨૫/૧૨/૧૯૭૬ ના

રોજ તેમના કાકા જયચંદભાઇ વરવાભાઇ ગુજરી જવાથી તા.૮/૦૧/૧૯૭૭ ના રોજ તકરારી સર્વે નંબરો વાળા ખેતરોમાં વારસાઇ નોંધ નં.૧૨૬૩, આંક–૧૨૪, તા.૦૮/૦૧/૧૯૭૭ થી તેમના કાકી અંબાબેન અને કોકીલાબેનના નામો દાખલ કરવામાં આવેલ. તેઓની વારસાઇ થતાં અંબાબેને વાંધો લીધેલ અને આર.ટી.એસ. અપીલ નં.૨૦/૮૫ પ્રાંત અધિકારી રુબરુ દાખલ કરતાં નાયબ કલેકટર સાહેબે પક્ષકારોના પુરાવા તપાસી ખાતરી કર્યા બાદ ખરા વારસ જે બનતા હોય તેમનું નામ પ્રશ્ન વાળી જમીનમાં વારસાઇ દાખલ કરવા મામલતદારશ્રીને તા.૩૦/૧૧/૧૯૮૫ ના રોજ રીમાન્ડ કરેલ, છતાં પ્રાંત આ હુકમથી સાચી અમલવારી, તપાસ, સાચા વારસોની વારસાઇ જે તેઓ તરફે થવાની હોય તે થયેલ નહી અને પ્રાંત સાહેબના હુકમનુ અહીં પણ ખોટુ અર્થઘટન કરી તેમની વારસાઇ નોંધ નં.૧૩૫૫ બાબતે પ્રાંતના ખોટા અર્થઘટનથી આંક–૧૨૫ નોંધ નં.૧૪૭૩ થી ૧૩૫૫ રદ્દ કરતી નોંધ પાડવામાં આવેલ, પરંતુ સાચી વારસાઇ કરવામાં આવેલ નહી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, શરૂથી સામાવાળાઓએ મહેસુલી સ્ટાફના મેળાપીપણામાં ખોટી નોંધો અને તેની મહેસુલી રેકર્ડમાં ખોટી અસરો અપાવડાવી મર્હુમ ચતુર વરવાના તેઓ કાયદેસરના સંતાન–પુત્ર –પત્ની હયાત વારસદારો હોવા છતાં તે છુપાવી તેમજ તેઓ સગીર તથા માતૃશ્રી મંગુબેન વિધવા અને અભણ હોવાનો ગેરલાભ ઉઠાવી તેમના કાકા જયચંદ વરવાભાઇએ તેઓને અંધારામાં રાખી તકરારી મીલકતમાં નાણા ખર્ચી, ખોટી નોંધો પડાવી માલીક બનેલા અને ત્યારબાદ તેમની વારસાઇ નોંધથી તેમના પત્ની અને તેમના કાકી અંબાબેન અને તેમની પુત્રી કોકીલા દાખલ થયેલ. ત્યારબાદ આ સીલસીલો આગળ ચાલેલ. આંક–૧૨૬ ની નોંધ નં.૧૪૭૪, તા.૨૦/૧૨/૧૯૮૫ થી જયચંદ વરવાએ તેમના બીજા કાકા ગોપાલભાઇ વરવાભાઈનું નામ તકરારી ખેતરોમાં સહ ભાગીદાર તરીકે દાખલ કરાવેલ પણ આ નોંધ રદ્દ કરવામાં આવતા અંબાબેન વારસાઇથી દાખલ થયા બાદ તેમણે ગોપાલ વરવાભાઇનું નામ સહ–ભાગીદાર તરીકે તેમનો તથા પ્રતિવાદી નં.૩ કોકીલાબેનની વાંધા અરજી હોવા છતાં આંક–૧૨૮, નોંધ નં.૧૬૫૭, તા.૧૧/૦૭/૧૯૯૫ થી દાખલ કરવામાં આવેલ તથા આ જ દિવસે

તા.૧૧/૦૭/૧૯૯૫ ના રોજ આંક–૧૨૯ થી નોંધ નં.૧૬૫૮ થી અંબાબેનનું તા.૩૦/૦૩/૧૯૮૬ ના રોજ અવસાન થવાથી તેમના તા.૦૪/૦૨/૧૯૮૬ ના વીલના આધારે ગોપાલભાઈ વરવાભાઈ તથા તેમના બે પુત્રો આશા ગોપાલ, બાબુ ગોપાલના નામ દાખલ કરવામાં આવ્યા. જે નોંધ ખરેખર ખોટી છે તેમજ વીલ પણ ખોટુ છે. જેની સામે તેઓ તથા કોકીલાબેને વાંધો લીધેલ. આ બંને નોંધોમાંથી નાયબ કલેકટરશ્રીએ નોંધ નં.૧૬૫૮ રદ્દ કરવા અને ૧૬૫૭ માન્ય રાખવા હુકમ કરેલ જેની સામે ગોપાલભાઈ વરવાભાઈની કલેકટર સમક્ષ રીવીઝન નામંજુર કરવામાં આવતા તેઓ અગ્રસચિવમાં જતા પ્રાંત અને કલેકટરનો હુકમ કાયમ રાખી ફેર વિચારણા અરજી સામાવાળાની નામંજુર કરેલ. આમ આ હુકમ મુજબ નોંધ નં.૧૬૫૮ થી હાલના વાદી તથા તેમના પુત્રો વીલના આધારે તકરારી જમીનમાં દાખલ થયેલ તે રદ્દ કરવામાં આવેલ છે. આમ હાલના વાદી તથા તે પહેલા જયચંદ વરવા શરુથી મહેસુલ રેકર્ડમાં ખોટી નોંધના આધારે તેમની માલીકીની તકરારી જમીનમાં માલીક બની બેઠેલ હોઈ, તેમની પાસે માલીકી, કબજો, ભોગવટો પુરવાર કરવા કોઈ કાયદેસરના આધાર પુરાવા ન હોઈ, આ દાવો કરવાનું કોઈ વ્યાજબી કારણ ઉભુ થયેલ ન હોઈ, વાદીએ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ન હોઈ દાવો ખર્ચ સહીત રદ્દ કરવા અરજ કરેલ છે.

આ કામે વાદી તરફે વિ.વ.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ જણાવેલ છે કે, આ કામે દાવાવાળી જમીનની સનદ રે.દી.મુ.નં.૨૬૭/૧૯૮૮માં ટેન્ટેટીવ આંક–૧૬૭ થી રજુ કરેલ છે. જે તા.૨૫/૦૨/૧૯૪૭ ની છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પટની રકમ જમાં કરાવી જયચંદભાઈ વરવાભાઈ નામ દાખલ કરેલુ. સાહેદ જણાવે છે કે, તે નામ ખોટી રીતે દાખલ કરાવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જયચંદભાઈનું અવસાન થતાં તેમની વારસાઈ થયેલી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જયચંદભાઈનું અવસાન થતાં તેમના વારસ અંબાબેન તથા કોકીલાબેનના નામ દાખલ થયેલા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર

કરેલ છે કે, આ અપીલમાં તેમની નોંધ નામંજુર થયેલી અને સાચા નામની નોંધ કરવા હુકમ કરેલો. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ નોંધ સામે તેઓ પ્રાંત કચેરી કલેકટર સાહેબ તથા નામદાર હાઈકોર્ટમાં ગયેલા અને જેમાં આ નોંધ પ્રમાણિત કરેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ નામદાર અગ્રસચિવ સમક્ષ ફેર વિચારણા અરજી કરેલી તે પણ નામંજુર કરેલી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલનો દાવો તેમજ રે.દી.મુ.નં.૨૬૭/૧૯૮૮ બંનેમાં સ્ટેટસ કવો નો હુકમ કરેલ છે. એ વાતની તેમને ખબર નથી કે, કોકીલાબેને પણ દેત્રોજ કોર્ટમાં તેવી જુબાની આપેલ છે અને આ જમીનનો કબજો વાદીઓનો છે. વધુમાં તેઓને સવાલ પુછવામાં આવે છે કે, આ જમીનમાં છેલ્લા પચાસ વર્ષથી તમારુ નામ નથી ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, આ વાત ખોટી છે.

આ કામે પ્રતિવાદી નં.૩ તરફે વિ.વ.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ જયચંદભાઈ સામે કોઈ ફરીયાદ કરેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ અંબાબેન સામે પણ તેમની જમીન પડાવી લેવાની ફરીયાદ કરેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ચતુરભાઈ વરવાભાઈ ગુજરી ગયેલ છે. તેમનો મરણનો દાખલો રજુ કરેલો નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નોંધ નં.૧૩૫૫, તા.૨૬/૦૫/૧૯૮૦ ની નોંધ પડાવેલી તે પહેલા તેઓએ કોઈ કાર્યવાહી કરેલી નહી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ૧૯૮૦ પહેલા જયચંદભાઈનું નામ દાખલ કરવા સામે તેઓએ કોઈ અપીલ કે કોઈ રીવીઝન કરેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાબુભાઈ તથા આશાભાઈ સામે દેત્રોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ છે. જે કેસ હાલ દેત્રોજ કોર્ટમાં ચાલુ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાબુભાઈએ અંબાબેનું ખોટુ વીલ ઉભુ કરેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એફ.એસ.એલ.અધિકારીએ આ વીલ ખોટુ હોવાનો રીપોર્ટ જે તે કોર્ટમાં કરેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાબુભાઈએ અંબાબેનનું ખોટુ વીલ ઉભુ કરેલુ જેના આધારે નોંધ

પડાવેલી તેની ફરીયાદ તેઓએ આ કામના વાદીઓ સામે દેત્રોજ કોર્ટમાં કરેલી છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નોંધ નં.૧૩૫૫ પડી તે પહેલા દાવાવાળી મીલકતમાં અંબાબેન તેમજ કોકીલાબેનનું નામ ચાલી આવતુ હતુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તા.૧૬/૦૮/૨૦૦૩ ના રોજ નામ.કલેકટર સાહેબ સમક્ષ ફેરવિચારણા માંટે અરજી કરેલી. એ વાત તેઓ જાણે છે કે, તેમાં તા.૧૬/૦૮/૨૦૦૩ ના રોજ કલેકટર સાહેબે હુકમ કરેલ છે કે સર્વે નં.૨૨૧/૩, ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ એમાં તા.૨૭/૦૨/૧૯૯૭ ના રોજ થયેલ હુકમમાં હસ્તક્ષેપ કરવા પાત્ર નથી તેવો હુકમ કેરલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાબુભાઇએ વકીલાતનો અભ્યાસ કરેલો છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નોંધ નં.૧૬૫૭માં સહભાગીદાર તરીકે ગોપાલભાઇને દાખલ કરવા નોંધ કરેલ હતી જેમાં જવાબમાં કોઇ મેજીસ્ટ્રેટ રૂબરૂની સહી નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ નોંધ નો જવાબ તલાટીએ ખોટી રીતે નોંધેલ છે.

**(૨૨)** ત્યારબાદ આ કામે **આંક– ૧૭૩ થી પ્રતિવાદી નં.૩ કોકીલાબેન જયચંદભાઇનું** સરતપાસનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, દાવાવાળી જમીન સર્વે નં. ૨૨૧/૩, ૨૨૨/૨,૨૨૨/૪ તથા ૨૨૨/૫ ની જમીન વાદી તથા પ્રતિવાદીઓની સંયુકત નામે ચાલે છે. વધુમાં તેઓની રજુઆત છે કે તેઓ અભણ છે. અને દાવાાવાળી જમીનના મુળ માલીક જયચંદભાઇ વરવાભાઇ છ પટની રકમ રૂા. ૬૦ અને છ આના ભરીને જમીનના માલીક બનેલા જેની નોંધ પાકી પહોંચ રજુ કરતા નોંધ નં. ૧૬૧ પાડવામાં આવેલ છે. ત્યારથી આ જમીન પ્રતિવાદી નં. ૩ ના પિતાના નામે ચાલી આવેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે આ કામે તેમના પિતાજીએ જમીનના વેરા અને વિઘોટી ભરેલ છે. તેમજ તા.૨૫/૧૨/૭૬ ના રોજ તેઓના પિતા ગુજરી જતા નોંધ નં.૧૨૬૩ થી તેઓનુ અને તેમના માંતા અંબાબેનનુ નામ વારસાઇ હકકે દાખલ કરેલ હતુ. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓએ તલાટી અને મામલતદાર સાથે

ભળી જઇ નોંધ નં. ૧૩૫૫ ખોટી રીતે પડાવેલ છે. જેથી તેઓએ આર.ટી.એસ. અપીલ નં. ૨૦/૮૫ કરતા મહે. પ્રાંત અધિકારીએ આ નોંધ રદ કરતો હુકમ કરેલ જેની સામે પ્રતિવાદી નં. ૧ નાઓએ મહે. કલેકટરશ્રી સાહેબ તથા ગુજરાત હાઇકોર્ટ સમક્ષ કેસ કરેલ હતા પરંતુ સદર નોંધમાં કોઇ હસ્તક્ષેપ કરવામાં આવેલ ન હતો અને પ્રતિવાદીની અરજીઓ કાઢી નાખવામાં આવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે તા.૨૦/૧૨/૮૫ ના રોજ ગોપાલભાઇ વરવાભાઇનાઓએ નોંધ નં.૧૪૭૩ થી તેઓનો ખોટા અંગુઠાવાળો જવાબ ઉભો કરી નોંધ પડાવેલ હતી જે જવાબમાં જવાબ કયાં અને કયા અધીકારીની રુબરુમાં લખાવેલ છે તેનો ઉલ્લેખ કરેલ નથી. આમ આ દસ્તાવેજ સાબીત થઇ શકતો નથી. વધુમાં તેઓની રજુઆત છે કે આ જવાબ વાદીએ ઉભો કરેલ ત્યારે તેઓ સગીર વયના હતા. વળી નોંધ નં. ૧૪૭૪ માં તેઓનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને વાદીએ આ નોંધ નામદાર કોર્ટમાં રજુ પણ કરેલ નથી. વધુમાં તેઓની રજુઆત છે કે તેઓના લગ્ન થતા તેઓના ઘરનુ તાળુ તોડીને વાદી તમામ દસ્તાવેજ લઇ ગયેલ છે તેથી તેઓ પાસે કોઇ વેરાપાવતી કે દસ્તાવેજ નથી. વધુમાં ૧૪૮૭ ની નોંધ વીલના આધારે પડાવેલ છે. તેમજ દીવાની દાવો ચાલતો હોય નોંધ નં. ૧૪૯૩માં જણાવેલ છે તેમાં યથાવત પરીસ્થીતી જાળવવાનો હુકમ થયેલ છે. આમ આ હુકમ હોવા છતા પણ વાદીએ ૧૪૫૭ અને ૧૪૫૮ ની નોંધ ખોટી રીતે પડાવેલ છે. આમ આ નોંધો રદ થવાને પાત્ર છે. વધુમાં તેઓની રજુઆત છે કે દાવાાવાળી જમીનમાં વાદીઓનો કયારેય પણ ભાગ ન હતો અને તેઓએ આ અંગેનો કોઇ પુરાવો રજુ કરેલ નથી. તેમજ વાદી જે વીલ પર આધાર રાખે છે તે વીલ ખોટુ અને ઉભુ કરેલ હોય દેત્રોજ પોલીસ સ્ટેશનમાં એમ.કેસ નં. ૬/૨૦૦૧ થી પ્રતિવાદી નં. ૧ નાએ ફરીયાદ કરેલ, જે અંગે દેત્રોજ પોલીસે એફ.એસ.એલ. અધીકારીને અંબાબેનનુ મેટ્રો મેજીસ્ટ્રેટ સમક્ષનુ તા.૨૦/૫/૮૫ નુ વીલ તથા આશાભાઇ ગોપાલભાઇને કરી આપેલ તા.૪/૨/૮૬ ના રોજનુ વીલ આમ બંને અસલ દસ્તાવેજો મોકલી આપતા તેઓએ આ બંને અંગુઠા સરખાવી સરખા ન હોવાનો અભિપ્રાય આપેલ છે ત્યારબાદ પોલીસે ચાર્જશીટ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે ઉપરોકત વીલમાં તેઓ જયચંદભાઇની

દીકરી તરીકે હયાત હોવા છતાં કોઇ સંતાન ન હોવાનો ખોટો ઉલ્લેખ કરેલ છે. વળી તેમાં કોઇ વકીલની ઓળખાણ કે કોઇ સ્ટેમ્પ  પણ લગાવેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે આ જમીન તેઓના પિતાની હતી અને તેમની માંતાને આ જમીન વડીલોપાર્જીત મિલકત તરીકે વડીલ જયચંદભાઇ દ્વારા મળેલી હતી. જેથી આ મિલકત  વડીલોપાર્જીત હોય તે વીલથી ટ્રાન્સફર  થઇ શકે નહી. વધુમાં તેઓ જણાવે છે કે પ્રતિવાદી નં. ૩ તે જયચંદભાઇના કાયદેસરના વારસ હોય વાદી તથા પ્રતિવાદીઓ તેઓના અભણ હોવાનો ફાયદો ઉઠાવેલ છે. ત્યારબાદ તેઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને ઓળખી બતાવે છે.

આ કામે પ્રતિવાદી નં.૩ ની ઉલટતપાસ વાદી તરફે વિ.વ.શ્રી એ કરેલ છે તેમાં તેઓએ મુખ્યત્વે કબુલ કરેલ છે કે અંબાબેન તેમના માતા થાય છે. અંબાબેને ૧૯૮૬ ની સાલમાં આંક ૧૭૭ થી ગોપાલભાઇ, આશાભાઇ, બાબુભાઇ વિગેરેને વીલ કરી આપેલ હોવાનો ઇનકાર કરેલ છે. તેમજ તેઓએ કબુલ કરેલ છે કે આ વીલ ખોટુ હોય સંપતભાઇએ આ અંગે ફરીયાદ કરેલી. તેમજ આ વીલમાં સાક્ષી તરીકે રમણલાલ અને કીશનસિંહ હોવાની વાત તેઓને ખબર ન હોવાનુ જણાવે છે. તેમજ આ સાહેદોએ અને નોટરીએ વીલના સમર્થનમાં સોગંદનામુ આપેલ હોવાનુ તેઓને ખબર ન હોવાનુ જણાવે છે.

ત્યારબાદ આ કામે પ્રતિવાદી નં. ૧ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવા જણાવતા તેઓને ઉલટતપાસ કરવાની તક આપવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે તેઓજણાવે છે કે તેઓની જન્મતારીખ તેઓને યાદ નથી પરંતુ તેઓને ૫૦ થી ૫૨ વર્ષ થયેલા છે તેમજ આ કામે તકરારી મીલકતો અંગે રેવન્યુ રેકર્ડમાં કઇ કઇ નોંધો પડેલી તે અંગેની જાત માહીતી તેઓને ન હોવાનુ જણાવે છે. તેમજ આંક– ૧૬૨ અને આંક–૧૬૩ જોઇને તે પટ ભર્યા અંગેની પહોંચો ન હોવાનુ જણાવે છે તેમજ વધુમાં જણાવે છે કે બાબુભાઇ તેમના ઘરનુ તાળુ તોડી અને તેમની પાસે રહેલા પુરાવાઓ લઇ ગયેલા તેમ જણાવે છે.તેમજ નોંધ નં. ૧૨૬૩, નોંધ નં. ૧૬૧ તથા નોંધ

નં. ૧૩૫૫ કઇ તારીખે પડેલી અને કોણે પાડેલી તે તેઓ કહી શકે નહી.તે રીતે આર.ટી.એસ. અપીલ ૨૦/૮૫ કયારે અને કોણે કરેલી તે પણ તેઓ કહી શકે નહી. તેમજ નોંધ નં. ૧૪૭૩ ,૧૪૭૪, ૧૪૮૭ અને ૧૪૯૩ કયારે અને કઇ બાબતની પડેલી તે પણ તેઓ કહી શકે નહી તેમ જણાવેલ છે. તેમજ તેઓના પિતા જયચંદભાઇએ ચતુરભાઇના ગુજરી ગયા બાદ મેળાપીપણામાં ખોટા વારસદાર તરીકે ખોટી નોંધોને આધારે માલીક બની ગયેલા હોવાનુ ઇન્કાર કરેલ છે. તેમજ ગોપાલભાઇના અવશાન બાદ તેમના વારસદારોના મેળાપીપણામાં પ્રતિવાદી નં. ૧ અને ૨ નો હકક ડુબાડવા ખોટી નોંધો કરેલ હોવાનો ઇન્કાર કરેલ છે તેમજ તેઓ મીલકત પચાવી પાડવા ખોટી જુબાની આપતા હોવાનો પણ ઇન્કાર કરેલ છે.

તે મતલબના પુરાવા આ કામે રેકર્ડ ઉપર આવેલ છે.

**(૨૩)** આ કામે મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાની હેતુથી તેઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**મુદા નં. ૧ થી ૩ :–**

૧. **શું વાદી સાબીત કરે છે કે , દાવાવાળી મીલકત જયચંદ વરવાએ છ પટના નાણાં સરકારશ્રીમાં જમાં કરાવી, દાવાવાળી મીલકત ખરીદી માલીક બન્યા છે ?**

૨. **શું વાદી સાબીત કરે છે કે, જયચંદભાઇ વરવાભાઇ વેરો–વીઘોટી ભરતા હતા ?**

૩. **શું વાદી સાબીત કરે છે કે, તેઓ ગુજરનાર જયચંદ વરવાને ખેતીમાં મદદ કરતા હતા ?**

આ કામે મુદા નં. ૧,૨ અને ૩ ની ચર્ચા કરીએ તો વાદીએ પોતાની દાવાઅરજીમાં જણાવ્યા પ્રમાંણે દાવાવાળી જમીનના મુળ માલીક જયચંદભાઇ વરવાભાઇ હતા અને તેઓએ કટોસણ સ્ટેટના દરબાર

કીર્તીસિંહજી તખતસિંહજીને છ પટની રકમ જમાં કરાવીને માલીક બનેલાની રજુઆત કરેલ છે. હવે આ કામે સદર હકીકતને વાદીએ તેઓના સાક્ષી વાદી નં. ૨ બાબુભાઈ ગોપાલભાઈનાઓએ આંક–૧૧૨ની સરતપાસના સોગંદનામાંથી સમર્થન કરેલ છે. વધુમાં આ કામે નોંધ નં. ૧૬૧ આંક–૧૨૩ થી રજુ કરેલ છે. આમ તે રીતે રેવન્યુ રેકર્ડમાં તા.૩૧/૧/૫૭ થી જયચંદભાઈ વરવાભાઈ પટની રકમ જમાં કરાવી દાવાવાળી જમીનના માલીક બનેલ હોવાનુ જણાય છે. વધુમાં આ કામે જયચંદભાઈએ પટની રકમ જમા કરાવતાં તેઓનું નામ રેકર્ડમાં દાખલ થયેલાની એન્ટ્રી પડેલ છે. જે આ કામે આંક–૧૨૩ રજુ પણ થયેલ છે. આ કામે પ્રતિવાદી તરફે રજુઆત છે કે પ્રતિવાદીના પિતાજી ચતુરભાઈ વરવાભાઈ તા.૨૫/૨/૧૯૪૭ ના રોજથી સનદ આધારે માલીક બનેલ હતા. અને તે આધારે તેઓએ રે.દી.મુ. નં. ૨૬૭/૮૮ નો દાવો પણ દાખલ કરેલ છે. જેમાં તેઓએ સનદની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. પરંતુ તે અંગે તેઓએ કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. તેમજ આ સનદ અસલ રજુ કરેલ નથી. વળી નોંધ નં. ૧૬૧ જે આ કામે આંક–૧૨૩ થી રજુ કરવામાં આવેલ છે તે ડીજીટલી સાઈન કરેલી મામલતદારશ્રી ના સીકકા વાળી નકલ છે. આમ, આ દસ્તાવેજને નહી માનવાનુ કોઈ કારણ મારી પાસે નથી. વધુમાં પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓએ જે તે સમયે નોંધ નં. ૧૩૫૫ પડાવેલ હતી પરંતુ તેની સામે અંબાબેને આર.ટી.એસ. અપીલ નં. ૨૦/૮૫ દાખલ કરતા, પ્રતિવાદી નં. ૧ અને ૨ ની નોંધ નં. ૧૩૫૫ રદ ઠરાવેલ છે. હવે સદર હુકમ અત્રેની કોર્ટને બંધનકર્તા નથી. પરંતુ તેમાં ગુણદોષ પર ચર્ચા કરેલ હોય તો તે ધ્યાને લેવો જરૂરી છે. સદર હુકમને ધ્યાને લેતા તેમાં ઠરાવેલ છે કે, ચતુરભાઈ વરવાભાઈએ અગાઉ સનદ રજુ કરેલ હતી. આમ તેઓની રજુઆત મુજબ તેઓ સનદનાં આધારે માલીક બનેલ હતા. ત્યારબાદ સને ૧૯૫૬ માં તેઓએ કાયમી ગણોતીયા હોવાની રજુઆત કરી એન્ટ્રી પડાવેલ હતી. આમ, કોઈ વ્યકિત સનદનાં આધારે માલીક બનેલ હોય તો પાછળથી તેઓ ગણોતીયા બની શકે નહી. આમ તેઓની રજુઆત માનવા યોગ્ય ન હોવાનું ઠરાવી નોંધ રદ ઠરાવેલ છે. આમ, પ્રતિવાદી નં. ૧ અને ૨ સદર જમીનના માલીક હોવાની

હકીકત તે રીતે સાબીત થતી નથી અને સદર જમીન મુળ માલીક જયચંદભાઇ વરવાભાઇની હોવાનુ મારી સમક્ષ રજુ થયેલ રેકર્ડ જોતા જણાય છે. તે રીતે **મુદા નં. ૧ અને ૨ નો નિર્ણય ''હકારમાં''** આપુ છુ. હવે આ કામે મુદા નં. ૩ ધ્યાનમાં લેતા વાદીની રજુઆત છે કે તેઓ જયચંદભાઇ વરવાભાઇને ખેતીકામમાં મદદ કરતા હતા અને જયચંદભાઇના ગુજરી ગયા બાદ અંબાબેનને પણ તેઓ મદદ કરતા હતા. જે બાબત સાબીત કરવા માટે તેઓએ પોતાની સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેઓએ આ જ હકીકતો જણાવેલ છે. પરંતુ આ કામે વાદીએ આવી કોઇ મદદ કરેલ હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. વળી પ્રતિવાદીઓએ આ હકીકતનો ઇન્કાર કરેલ હોય સદર મુદો સાબીત કરવાની જવાબદારી વાદીની રહેલ છે પરંતુ આ કામે તેઓએ ઉપજનીપજ, વેચાણ અંગેની પહોંચો રજુ કરેલ છે તેવા પુરાવાથી વાદી આ જમીન ખેડતા હતા તેમ નિશંકપણે કહી શકાય તેમ નથી. વળી આ કામે પ્રતિવાદી નં. ૧ અને ૨ તથા સાથેના દાવાના વાદીએ તેમાં પણ આ પ્રકારની પહોંચો રજુ કરેલ છે. આમ, તે રીતે માત્ર ઉપજનીપજની પહોંચો રજુ કરવાથી આ જમીન તેઓ જ ખેડે છે તે બાબત નિશંકપણે સાબીત થઇ શકતી નથી. જેથી **મુદા નં. ૩ નો નિર્ણય ''નકારમાં** ''આપુ છુ.

<u>(૨૪) મુદા નં. ૪ અને ૬:-</u>

**૪. શું વાદી સાબીત કરે છે કે,સહભાગીદાર અંગેની હકપત્રકની નોંધ નં.૧૪૭૪ ખરી અને કાયદેસર છે ?**

**૬. શું વાદી સાબીત કરે છે કે, ગુજરનાર અંબાબેને તા.૦૪/૦૨/૮૬ના રોજ વસીયતનામુ કરી આપેલ તે આધારે માલીકી હક ધરાવે છે ?**

હવે આ કામે મુદા નં. ૪ તેમજ મુદા નં. ૬ એકબીજા સાથે સંલગ્ન મુદાઓ હોય તેઓની ચર્ચા એકસાથે કરવી જરુરી જણાય છે. આ કામે વાદીની રજુઆત છે કે જયચંદભાઇના ગુજરી ગયા બાદ તેઓના વિધવા અંબાબેને તા.૪/૨/૧૯૮૬ ના રોજ એક વીલ કરી આપેલુ જે અનુસાર

દાવાવાળી મીલકતના માલીક ગોપાલભાઇ, આશાભાઇ, બાબુભાઇ ગોપાલભાઇ વિગેરે થયેલ છે. વધુમાં આ કામે વાદીની એમ પણ રજુઆત છે કે જયચંદભાઇ તા.૨૫/૧૨/૭૬ ના રોજ ગુજરી ગયા બાદ અંબાબેનની સહસમંતિથી જવાબ લખાવી તેઓ દાવાવાળી મીલકતના સહભાગીદાર બનેલ છે અને તેની નોંધ આ કામે પાડવામાં આવેલ હતી. વાદીના કહેવા પ્રમાણે આ નોંધ કાયદેસરની છે અને જે તે સમયે અંબાબેનનો જવાબ લઇ તે નોંધ પાડવામાં આવેલ છે પરંતુ આ નોંધમાં કયાય પણ કોકીલાબેનનો જવાબ લીધેલ હોય તેમ જણાતુ નથી વળી પ્રતિવાદી નં. ૩ કોકીલાબેનની રજુઆત પ્રમાણે આ નોંધ ખોટી રીતે પાડવામાં આવેલ છે.આ સંજોગોમાં અંબાબેને પોતાની જમીનમાંથી કેટલોક ભાગ ગોપાલભાઇને આપેલ હોય તે અંગે કોઇ લખાણ કરેલ હોય તેવો પુરાવો મારી સમક્ષ રજુ કરેલ નથી કે વાદીની આવી કોઇ રજુઆત પણ થયેલ નથી. વધુમાં તેઓની રજુઆત અનુસાર અંબાબેને પોતાની જમીનમા વાદી ગોપાલભાઇનો ભાગ હોવાની રજુઆત છે જો આવી રીતે કોઇ વ્યકિત પોતાનો હકક જતો કરી બીજી વ્યકિતનો હકક દાખલ કરે તો આ અંગેનુ કોઇ લખાણ કે તેઓ દસ્તાવેજ અવશ્ય બનાવે અને વળી આવા હકક કમી કે નવો હકક દાખલ કરતા દસ્તાવેજોનુ રજીસ્ટ્રેશન કરવુ ફરજિયાત છે પરંતુ આ કામે આવો કોઇપણ દસ્તાવેજ રજીસ્ટર્ડ થયેલ હોય તેવો કારી સમક્ષ રજુ કરવામાં આવેલ નથી કે તેવી કોઇ રજુેઆત પણ મારી સમક્ષ નથી.આમ તે રીતે પણ તે રજુઆત માનવાપાત્ર જણાતી નથી.વળી આવી સમજુતીમાં વાદીને અંબાબેને જમીનમાંથી કેટલો ભાગ આપેલ હતો તે અંગેની કોઇ સ્પષ્ટતા વાદીએ કરેલ નથી. આ સંજોગોમાં માત્ર રેવન્યુ એન્ટ્રીથી તેઓ માલીક બનેલ છે તે બાબત માંની શકાય તેમ નથી. આ કામે હાલની નોંધ તા.૨૦/૧૨/૮૫ ના રોજ પાડવામાં આવેલ છે જયારે અંબાબેનના વીલ નોંધ તા.૧૫/૪/૮૬ ના રોજ પાડવામાં આવેલ છે. આમ વાદીએ એક તરફ વીલના આધારે પણ માલીકી હકક માંગેલ અને સાથે સાથે બીજી તરફ આ જ જમીનના સહભાગીદાર હોવાનો કલેઇમ કરે છે. આમ તે રીતે વાદી એક જ સમયે બે ઘોડા ઉપર સવારી કરતા હોવાનુ જણાઇ આવે છે તેથી **તેઓ ચોખ્ખા હાથે કોર્ટ સમક્ષ**

**આવેલ હોવાનુ જણાતુ નથી.** હવે તે હકીકત નિર્વિવાદ છે કે વાદી જે વીલ ઉપર આધાર રાખે છે તે વીલ તકરારી છે વળી ખોટુ અને ઉપજાવી કાઢેલ હોવાનુ જણાવી આ કામે દેત્રોજ કોર્ટમાં ક્રિમીનલ કેસ થયેલ છે અને તેમાં વીલ ખોટુ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાતા તેમાં ચાર્જશીટ થતા તે કેસ હાલમાં ન્યાયનિર્ણય માંટે પેન્ડીંગ છે. આમ વાદી જે વીલનાં આધારે સદર જમીન પર માલીકી હકક કલેઇમ કરેલ છે તે વીલ નિ:શંકપણે પુરવાર થતુ નથી. વધુમાં આ કામે તે હકીકત નિર્વિવાદ છે કે આ વીલના આધારે કોઇ પ્રોબેટ લેવામાં આવેલ નથી. વિલના સાક્ષીઓને પણ મારી સમક્ષ તપાસવામાં આવેલ નથી. આમ, વાદી વીલના આધારે હકકદાર હોવાનુ સાબીત થતુ નથી. વધુમાં આ કામે વીલના આધારે પાડવામાં આવેલ નોંધ નામંજુર થયેલ હોવાનુ જણાય છે. વધુમાં આ કામે સદર જમીન અંબાબેનને વડીલોપાર્જીત મળેલ હતી જેથી તે રીતે જોતા તેઓ આ મીલકતનુ વીલ કરવાને શકિતમાન નથી.

વધુમાં આ કામે વાદીની રજુઆત મુજબ અંબાબેને દાવાવાળી મિલકત તેઓને તા.૪/૨/૧૯૮૬ ના રોજ વીલ કરી આપેલ છે તે અંગે આગળ ચર્ચા કરીએ તો, આ કામે વાદીની રજુઆત મુજબ આ જમીનનાં માલીક જયચંદભાઇ વરવાભાઇ હતા અને તેઓ ગુજરી ગયા બાદ તેમના વારસદાર અંબાબેન તે જયચંદભાઇના વિધવા તેમજ તેમના દીકરી કોકીલાબેનનાં નામ રેકર્ડમાં દાખલ થયેલ તે રીતે આ મિલકત તેઓને વારસામાં મળેલ છે અને સ્વપાર્જીત મિલકત નથી. આ સંજોગોમાં અંબાબેનને આ પ્રકારે વીલથી મિલકત આપવાનો કોઇ હકક રહેલ નથી. જેથી તે રીતે પણ આ વીલ ગેરકાયદેસરનુ ઠરે છે. વધુમાં પલભર માટે વીલ ખરું માનવામાં આવે તો પણ જયચંદભાઇના ગુજરી ગયા બાદ સદર મિલકતમાં બે માલિક (૧)અંબાબેન (૨) કોકીલાબેન બનેલ છે. આમ તે રીતે પણ વાદી દાવાવાળી જમીનમાં સંપૂર્ણ માલીક બની શકે તેમ નથી. આમ તે રીતે પણ વીલનાં આધારે પાડવામાં આવેલ નોંધ ખરી ન હોવાનુ જણાય છે. જેથી તે રીતે **મુદા નં. ૪ નો** અને **મુદા નં. ૬ નો નિર્ણય ''નકારમાં'' નિર્ણય** આપવામાં આવે છે.

<u>(૨૫) મુદ્દા નં. ૫ :–</u>

**૫. શું વાદી સાબીત કરે છે કે, ચતુરભાઈના વારસો અંગેની હકપત્રકની નોંધ નં.૧૩૫૫ ખોટી અને ગેરકાયદેસર છે ?**

હવે આ કામે વાદી તરફે રજુઆત છે કે આ કામના પ્રતિવાદી નં. ૧, ૨ નાઓએ નોંધ નં. ૧૩૫૫ ખોટી અને ગેરકાયદેસર રીતે પડાવેલ હતી જેથી તે નોંધ રદ થવાને પાત્ર છે. હવે આ નોંધ અંગે ચર્ચા કરીએ તો, સદર નોંધ આ કામે આંક–૧૩૭ થી રજુ કરવામાં આવેલ છે. હવે વાદીની રજુઆત છે કે આ નોંધ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓએ ખોટી રીતે પાડેલ છે. વળી આ કામે આ નોંધની સામે અંબાબેન જયચંદભાઈનાઓએ વાંધો લેતા ડે. કલેકટરશ્રી વિરમગામનાઓએ તા.૩૦/૧૧/૧૯૮૫ ના રોજ હુકમ કરી વાંધા ગ્રાહય રાખી નોંધ નં.૧૩૫૫ ને રદ ઠરાવેલ છે. હવે, સદર હુકમની વિગતો ધ્યાનમાં લઈએ તો તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે "**તા.૨૫/૦૨/૧૯૪૭ ની સનદની ઝેરોક્ષ નકલ મુજબ મોજે સુવાળા, તા. વિરમગામના સ.નં. ૨૨૨ તથા ૨૨૧ વાળી જમીનો ઠાકોરશ્રી કટોસણ સ્ટેટ એ હાલના પ્રતિવિવાદીઓના પિતાશ્રી ચતુરભાઈ વરવાભાઈનાઓને માલીકીના અઘાટ હકકથી આપેલ હોવાનુ જણાય છે. જયારે બાદમાં તા.૧૮/૭/૧૯૫૬ ના રોજની નોંધ નં. ૩૯ થી કાયમી સામાન્ય ગણોતીયાના હકકો પ્રાપ્ત થતા હોવાથી તે રીતની નોંધ કરેલ છે. હવે બંને વસ્તુઓ જોતા સનદમાં જણાવ્યા પ્રમાંણે તા.૨૫/૦૨/૧૯૪૭ ના રોજ જમીન અઘાટ માંલીકી હકકથી (જમીનના વેચાણ અઘાટ હકકની સનદ હોવાથી ) મળેલ હોય તો બાદમાં તા.૧૮/૭/૧૯૫૬ ના નોંધ નં. ૩૯ માં કાયમી સામાન્ય ગણોતીયા હોવાનુ જે જણાવેલ છે એ કઈ રીતે સંભવી શકે. તે વિચારવાનુ રહે છે. આ બંને પુરાવા એકબીજાથી વિભિન્ન હકીકત રજુ કરતા હોવાનુ પ્રાથમિક રીતે જણાય છે.''** આમ તે રીતે સનદ અને રેવન્યુ રેકર્ડની નોંધ એકબીજાથી વિપરીત હોવાનુ તારણ કલેકટરશ્રીએ આપેલ છે જે વ્યાજબી પણ છે. વધુમાં ત્યારબાદ હુકમ કરનાર ઓથોરીટીએ '' **તા.૮/૧/૭૭ ની નોંધ નં.૧૨૬૩ જોતાં તેમાં**

**જણાવ્યા પ્રમાણે ખાતેદાર શ્રી જયચંદભાઇ વરવાભાઇ તા. ૨૫/૧૨/૧૯૭૬ ના રોજ ગુજરી જવાથી અંબાબેન તે જયચંદભાઇના વિધવા તથા સગીર કોકીલાબેન તે જયચંદભાઇના દીકરીને વારસાઇ હકકથી રેકર્ડમાં દાખલ કરેલા છે આ એન્ટ્રી ના.મામ./મહેસુલ/વિરમગામ એ તા.૨૮/૫/૧૯૭૭ ના રોજ મંજુર કરેલ છે.જેથી સને ૧૯૭૭ સુધી જયચંદભાઇ વરવાભાઇ અને ત્યારબાદ તેમના પત્ની અંબાબેન અને દીકરી કોકીલાબેન સ.નં. ૨૨૧/૩, ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ ના ખાતેદાર હોવાનુ સ્પષ્ટ જણાઇ આવે છે. હવે જો આવી પરીસ્થિતી હોય તો ત્યારબાદ ઓચિંતી ફેરફાર નોંધ નં. ૧૩૫૫ તા.૨૬/૫/૧૯૮૦ થી સ.નં. ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ ની વારસાઇ કરી હાલના પ્રતિવીવાદીઓના નામ દાખલ કઇ રીતે થઇ શકે. આ નોંધ પ્રાથમીક રીતે પણ અયોગ્ય જણાઇ છે. ''** હવે કલેકટરશ્રીનો સદર હુકમ તે અત્રેની કોર્ટને બંધનકર્તા નથી. પરંતુ કલેકટરશ્રીનું તારણ હકીકત પર આધારીત છે અને તે માનવાલાયક પણ છે. આમ, તે રીતે આ નોંધ ખોટી રજુઆતના કારણે પડેલ હોવાનુ તે રીતે જણાઇ આવે છે. આમ, તે રીતે જોતા **મુદા નં. ૫ નો નિર્ણય ''હકારમાં''** હુ આપુ છુ.

**(૨૬) મુદા નં. ૭:–**

**૭. શું પ્રતિવાદી નં.૧, ૨ સાબીત કરે છે કે, વાદીએ દાવામાં મહત્વની હકીકત છુપાવેલ છે ?**

હવે આ કામે પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓની રજુઆત છે કે આ કામે દાવાવાળી મિલકતની સનદ તેઓના પિતાજીને આપવામાં આવેલ હતી અને તેઓના પિતાજી ગણોતહહકે સદર જમીન ખેડતા આવેલા હતા અને કાયમી ગણોતીયા હતા. ત્યારબાદ ૧૯૫૬ ની સાલમાં પ્રતિવાદી નં. ૧ અને ૨ ના પિતાજી ગુજરી જતા જયચંદભાઇ વરવાભાઇએ વારસો છુપાવી ખોટી એન્ટ્રી પડાવેલ છે. તે હકીકત દાવાઅરજીમાં જણાવેલ નથી. આમ, મહત્વની હકીકતો છુપાવીને વાદીએ દાવો કરેલ છે. હવે આ કામે સદર નોંધ

૯૨ આ કામે આંક–૧૨૨ થી રજુ કરવામાં આવેલ છે. આમ, તે રીતે આ નોંધ અત્રે રજુ થયેલ હોય વાદીએ આ હકીકત છુપાવી હોવાનુ સાબિત થતુ નથી. જેથી **મુદા નં. ૭ નો નિર્ણય નકારમાં** આપુ છુ.

(૨૭) <u>મુદ્દા નં. ૮ અને ૯ :</u>

**૮. શું પ્રતિવાદી નં.૧, ૨ સાબીત કરે છે કે, ગુજરનાર ચતુરભાઇ, ઠાકોર કીર્તીસીંહ તખતસીંહના ગણોતીયા હતા ? અને ગણોતધારાની જોગવાઈઓનો લાભ તેમને મળવાપાત્ર હતો ?**

**૯. શું પ્રતિવાદી નં.૧, ૨ સાબીત કરે છે કે, ગુજરનાર જયચંદભાઇ વરવાભાઈએ છ પટના નાણાં પોતાના નામે ખોટી રીતે ભરી હકપત્રકની નોંધ નં.૧૬૧ પડાવેલ છે ?**

હવે આ કામે મુદા નં. ૮ અને ૯ અંગે ચર્ચા કરીએ તો તે મુદા સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદી નં. ૧, ૨ એટલે કે સંપતભાઇ ચતુરભાઈ અને જામાભાઇ ચતુરભાઈના શીરે રહેલી છે. હવે આ કામે તેઓની રજુઆત મુજબ તેઓના પિતાજીને દાવાવાળી મિલકતની સનદ તા.૨૫/૨/૧૯૪૭ ના રોજ આપવામાં આવેલી હતી અને તે રીતે તેઓ આ જમીનના માલિક બનેલ હતા. પરંતુ સાથે સાથે તેઓની એવી પણ રજુઆત છે કે ત્યારબાદ તેઓને નોંધ નં. ૪૫ થી કાયમી ખેડુત અને ગણોતીયા તરીકે દાખલ કરેલા છે. હવે ઉપર ચર્ચા કર્યા પ્રમાણે જો પ્રતિવાદી નં. ૧,૨ ના પિતાને સનદ એટલે કે માલીકી હકકના આધારે સનદ આપવામાં આવેલી હોય તો ત્યારબાદ તેઓને ગણોતીયા ગણી શકાય નહી. આમ, તે રીતે પ્રતિવાદી નં. ૧,૨ ગણોતીયા હોવાની હકીકત સાબિત થઇ શકતી નથી.વળી આ જ બાબત આર.ટી.એસ.અપીલ નં. ૨૦/૮૫ ના કામે પણ ડે.કલેકટરશ્રીએ પોતાના હુકમમાં ઠરાવેલ છે. હવે, આ કામે નોંધ નં. ૧૩૫૫ રજુ કરવામાં આવેલ છે. જે ધ્યાનમાં લેતાં તેમાં જણાવેલ છે કે '' **મજકુર ગામના ખેડુત ખાતેદાર ચતુરભાઇ વરવાભાઇ આશરે દસેક વર્ષ ઉપર ગુજરી જવાથી વારસદારો તથા**

**ગામના આગેવાનોના જવાબના આધારે વારસા હકક મુજબ વારસદારોના નામ દાખલ કરવા નોંધ કરી.''** અને આ નોંધ તા.૨૬/૫/૧૯૮૦ ના રોજ પાડવામાં આવેલ છે. હવે, આ કામે આંક–૧૬૭ થી પ્રતિવાદી નં. ૧ સંપતભાઇ ચતુરભાઇએ હાજર થઇ જુબાની આપેલ છે. જેમાં તેઓની ઉંમર આશરે ૭૬ વર્ષની જણાવેલ છે અને તેઓના પેરેગ્રાફ નં. ૧ માં જણાવેલ છે કે તેઓના પિતાનુ અવશાન થયુ તે સમયે તેઓ સાત વર્ષના હતા. આમ તે રીતે ગણતરી કરતાં પ્રતિવાદી નં. ૧ ના પિતા આશરે ૧૯૫૬માં તેઓ ગુજરી ગયેલ હોવાનુ જણાય છે. તે રીતે જોતાં નોંધ નં. ૧૩૫૫ માં તેઓના પિતા દસેક વર્ષ પહેલા ગુજરી ગયેલ હોવાની રજુઆત સદંતર ખોટી હોવાનુ જણાય છે. વધુમાં આ કામે પ્રતિવાદીએ જવાબ રજુ કરેલ છે જેમા તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે તેઓના પિતા સને ૧૯૫૬ ની સાલમાં ગુજરી ગયેલા અને તે સમયે પ્રતિવાદી નં. ૧ ની ઉંમર ૬વર્ષની હતી અને પ્રતિવાદી નં. ૨ ની ઉંમર ૬ માસની હતી. વધુમાં પ્રતિવાદીએ હાલના દાવાની સાથે અન્ય દાવો રે.દી.મુ.નં. ૨૬૭/૮૮ થી કરેલ છે જે નામ.હાઇકોર્ટની સુચના મુજબ બંને દાવા સાથે ચાલી રહેલ છે. હવે આ કામના પ્રતિવાદીએ રે.દી.મં. નં. ૨૬૮/૮૮ મા આંક–૮૫ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓ પેરા–૭મા જણાવે છે કે ''  **અમો વાદી નં. ૧ જણાવીએ છીએ કે વાદીના પિતા કાયમી ગણોતીયા ઠરેલ હતા તેઓ તા૧૩/૫/૧૯૫૬ મા ગુજરી જતા તે વખતેઅમો વાદી નં. ૧,૨ અનુક્રમે ૬ વરસ અને ૪વરસની ઉંમરના હતા.''** આમ આ જુબાની ધ્યાનમાં લેતાં પ્રતિવાદી નં. ૧, ૨ ના પિતા ચતુરભાઇ સને ૧૯૫૬ ની સાલમાં ગુજરી ગયેલ હોવાનુ સોગંદ ઉપર રજુઆત છે. જયારે ઉપરોકત નોંધમાં તેઓએ તેમના પિતા દસેક વર્ષ પહેલા એટલે કે આશરે ૧૯૭૦ ની સાલમા ગુજરી ગયાની રજુઆત જે તે ઓથોરીટી સમક્ષ કરેલ છે. આમ  તે રીતે અને તેથી આ નોંધ ખોટી રજુઆતના આધારે પાડેલ હોવાનુ જણાય છે. જેથી કોમ્પીટન્ટ ઓથોરીટીએ આ નોંધને રદ પણ ઠરાવેલ છે. હવે આ કામે આગળ ચર્ચા કરીએ તો, ઉપર ચર્ચા કર્યા પ્રમાણે પ્રતિવાદી નં. ૧, ૨ ના પિતાએ એક તરફ તા.૨૫/૨/૧૯૪૭ ની સનદ રજુ કરેલ છે અને બીજી તરફ આ જમીનના તેઓ કાયમી ગણોતીયા હોવાની રજુઆત કરેલ છે. વળી

આ કાયમી ગણોતીયાની એન્ટ્રી તા.૧૮/૧૨/૧૯૫૬ ના રોજ પાડવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ આ કામે રેકર્ડ ઉપર છ પટની રકમ ભરી જયચંદભાઇ વરવાભાઇ આ જમીનના માલીક બનેલ છે અને તેઓના નામ ઘણા વર્ષો સુધી રેકર્ડ ઉપર ચાલુ રહેલ છે. ત્યારબાદ તા.૨૬/૫/૧૯૮૦ ના રોજ સૌપ્રથમ વખત પ્રતિવાદી નં. ૧,૨ નાએ વારસાઇ તરીકે એન્ટ્રી કરાવેલ હતી. આમ, સને ૧૯૫૬ થી સને ૧૯૮૦ સુધી આ જમીન પોતાની હોવાની રજુઆત અને આ કામે જયચંદભાઇએ ખોટી રીતે છ પટની રકમ જમાં કરાવેલ હોય તેવી પણ કોઇ રજુઆત કોઇપણ ઓથોરીટી સમક્ષ તેઓએ કરેલ હોય તેમ જણાતુ નથી. વળી પ્રતિવાદી નં. ૧,૨ ના સીવીલ રાઇટસ મેળવવા માટે સને ૧૯૮૮ ની સાલમાં દાવો લાવેલ છે. આમ, તે રીતે જોતાં પ્રતિવાદી નં. ૧,૨ એ સમયમયાર્દામાં કાર્યવાહી કરેલ હોય તેમ જણાતું નથી. વધુમાં આ કામે પ્રતિવાદી નં. ૧ નાએ આર.ટી.એસ. અપીલ નં. ૭૫/૯૫-૯૬ થી હુકમ કરતા તેનાંથી નારાજ થઇ સંયુકત સચિવશ્રી ગુજરાત સરકારમાં ફેર તપાસણીની અરજી કરવામાં આવેલ હતી અને તા.૨૪/૭/૨૦૦૩ના રોજ હુકમ પસાર કરેલ છે જે ધ્યાનમાં લેતાં આ કામના વાદીએ દાવામાં ખોટા દસ્તાવેજ તરીકે સનદ રજુ કરેલ હોવાનુ પોલીસ તપાસમાં જણાયેલ અને તેથી મેટ્રો મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કેસ ચાલવા ઉપર હોવાનુ હુકમમાં જણાવેલ છે. આ સંજોગોમાં આ કામે કોઇપણ પક્ષકારોઓએ આ બાબતે કોઇ હકીકત જણાવેલ નથી. આમ, મહત્વની હકીકતો છુપાવીને કોર્ટ સમક્ષ પક્ષકારો આવેલ હોવાનુ જણાઇ આવે છે અને રજુ કરવામાં આવેલ સનદ તે ઝેરોક્ષ હોય તે અંગે વ્યાજબી શંકા પેદા થાય છે. જેથી તે રીતે **મુદા નં. ૮ અને ૯ નો નિર્ણય ''નકારમાં''** આપુ છુ.

(૨૮) <u>**મુદ્દા નં. ૧૦ અને ૧૧ :-**</u>

**૧૦. શું પ્રતિવાદી નં.૩ સાબીત કરે છે કે, વાદીની તરફેણમાં તેમના માતૃશ્રી અંબાબેને તા.૦૪/૦૨/૮૬ નું કરી આપેલ વીલ ખોટુ છે અને**

**તા.૨૧/૦૪/૮૪ના રોજ તેમના માતૃશ્રીએ કરી આપેલ વીલ ખરુ છે?**

**૧૧. શું પ્રતિવાદી નં.૩ પુરવાર કરે છે કે, જયચંદ વરવાએ મંગુબેન પાસેથી પટની રકમ લઇને જમાં કરાવેલી ?**

હવે આ કામે આગળ મુદ્દાનં. ૧૦ અને ૧૧ અંગે ચર્ચા કરીએ તો, આ કામે પ્રતિવાદી નં. ૩ કોકીલાબેનની રજુઆત છે કે આ કામના વાદી આધાર રાખે છે તે વીલ ખરુ નથી અને તેમાં અંબાબેનના અંગુઠા ખોટી રીતે ઉભા કરેલાં છે. જે અંગે ચર્ચા કરીએ તો આ કામે વાદીએ પોતાની સરતપાસનુ સોગંદનામુ આંક–૧૧૨ થી રજુ કરેલ છે. જેમાં સદર મિલકત અંગે તા.૪/૨/૧૯૮૬ ના રોજ તેઓને વિલ કરી આપેલાનુ જણાવે છે. હવે આ કામે સદર દાવાવાળી જમીનમાં અંબાબેને ગોપાલભાઇનાઓનો ભાગ હોવાની એન્ટ્રી આ કામે રજુ કરવામાં આવેલ છે જે નોંધ તા.૨૦/૧૨/૧૯૮૫ ના રોજ પાડવામાં આવેલ છે જયારે અંબાબેનના વીલની નોંધ ૧૫/૪/૧૯૮૬ ના રોજ પાડવામાં આવેલ છે. આમ અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે આ કામના વાદીએ એક તરફ વીલના આધારે માલીકી હકક માંગેલ છે જયારે બીજી તરફ આ જ જમીનના સહભાગીદાર હોવાની રજુઆત કરેલ છે. વધુમાં આ કામે વાદી જે વીલ ઉપર આધાર રાખે છે તે વીલમાં વીલ કરનારનો અંગુઠો મળતો ન આવતાં ક્રિમીનલ કેસ થયેલ છે જે હાલમાં પેન્ડીંગ છે. તે રીતે વાદી આ વીલ ખરુ હોવાનુ સાબિત કરી શકતા નથી.વળી તે રીતે ઉપર ચર્ચા કર્યા પ્રમાણે વાદીના વડવાઓ એક જ સમયે વિરોધાભાષી બે રજુઆતો કરતાં હોય તેઓ ચોખ્ખા હાથે નામ.કોર્ટ સમક્ષ આવેલા હોવાનુ તે રીતે પણ જણાતુ નથી. વધુમાં આ કામે પ્રતિવાદી નં. ૩ ની રજુઆત મુજબ તેઓને કરી આપેલ વીલ ખરુ છે પરંતુ આ બાબતે તેઓએ પણ કોઇ પુરાવો રજુ કરેલ નથી.વળી આ કામે અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે વીલના આધારે પ્રોબેટ લેવામાં આવેલ નથી કે મારી સમક્ષ વીલના કોઇ સાક્ષીઓને પણ તપાસવામાં આવેલ નથી. જેથી તે રીતે વાદીની તરફેણમાં કરી આપેલ વીલ ખોટુ હોવાનુ જણાઇ આવે છે પરંતુ પ્રતિવાદી નં. ૩ ની તરફેણમાં કરેલ વીલ ખરુ હોવાનુ તેઓ સાબીત

કરી શકતા ન હોય**, મુદા નં. ૧૦ નો નિર્ણય તે રીતે ''અંશત: હકારમાં અને અંશત: નકારમાં''** આપવામાં આવે છે.

હવે આ કામે પ્રતિવાદી નં. ૩ નાએ તેમના પિતા જયચંદભાઈએ મંગુબેન પાસેથી પટની રકમ લઈને જમાં કરાવેલ હોવાનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી તે આ અંગે **મુદા નં. ૧૧ નો નિર્ણય** હું **નકારમાં** આપુ છુ.

**(૨૯) <u>મુદ્દા નં. ૧૨ :–</u>**

**૧૨. શું વાદીને દાવો દાખલ કરવા કારણ ઉત્પન્ન થયેલ છે ?**

હવે**,** આ કામે દાવાના કારણમાં વાદીની રજુઆત છે કે રે.દીમુ.નં. ૨૬૭/૮૮ ની નોટીસ તેઓને બજયા બાદ દાવાવાળી જમીનમાં વાદી ખેતીના કામકાજ અર્થે જતા હતા ત્યારે માથાભારે તત્વોએ આવી મારઝુડ કરવાની તૈયારી બતાવેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલી જેથી હાલનો દાવો કરેલ હોવાની રજુઆત છે પરંતુ આ કામે મારી સમક્ષ રજુ થયેલ પુરાવા ધ્યાનમાં લેતા વાદીએ તેમની સરતપાસમાં આવી કોઈ હકીકત જણાવેલી નથી. વળી જો પ્રતિવાદીઓએ તેઓની જમીનમાં પ્રવેશ કરતા અટકાવેલ હોય તો આ બાબતે પોલીસ કે અન્ય કોઈ ફરીયાદ થયેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાતુ નથી આમ આ સંજોગોમાં વાદીને દાવો કરવાનુ કોઈ કારણ ઉતપન્ન થયેલ હોય તેવુ જણાતુ નથી. પરંતુ આ કામના પ્રતિવાદી નં. ૧,૨ નાએ દાવો દાખલ કરતા તેમની સાથે હાલનો દાવો દાખલ કરેલાનુ જણાઈ આવે છે. આમ**,** તે રીતે **મુદા નં. ૧૨ નો નિર્ણય ''નકારમાં** '' આપુ છુ.

હવે આ કામે પ્રતિવાદી તરફે કોઈ જજમેન્ટ રજુ કરવામા આવેલ નથી. પરંતુ વાદી તરફે રજુ કરવામાં આવેલ જજમેન્ટ ધ્યાનમાં લઈએ તો Gopalakrishna(D) by Lrs. ans Others Vs. Narayanagowda (Dead) by Lrs. and Others. Civil Application No. 1332 of 2008, Decided on April 3,2019 નુ

જજમેન્ટ રજુ કરેલ છે પરંતુ આ જજમેન્ટ કઇ રીતે હાલનાં કેસને લાગુ પડે છે તેવી કોઇ રજુઆત પોતાની લેખિત દલીલ સાથે કરેલ નથી. વધુમાં તે જજમેન્ટ સ્ત્રીધન તરીકે મળેલ મિલકત અંગેનુ છે. હાલનાં કામે આ મિલકત અંબાબેનને વારસાઈ હકકે મળેલી છે. વળી, આ મિલકત માત્ર અંબાબેનને મળેલ હોય તેવુ નથી, પરંતુ સાથે જયચંદભાઇના દીકરી કોકીલાબેનને પણ આ મિલકત વારસાઈ હકકે મળેલી છે. આમ, તે સ્વોપાર્જીત મીલકત ન હોય તેનુ વીલ કરી શકે તેમ નથી. વધુમાં આ કામે વાદીની એવી પણ રજુઆત છે કે તકરારી મિલકતના તેઓ એડવર્સડસ પઝેશનથી કબજામાં છે. પરંતુ અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે માત્ર મહેસુલ વેરાની પહોચો અને બીલો રજુ કરવાથી માલીકી હકક સાબિત થઇ શકતો નથી. તેથી વાદીએ માનવા લાયક પુરાવા રજુ કરવા જોઇએ. જેથી આ જજમેન્ટ તેઓને મદદકર્તા નથી.

(૩૦) <u>મુદ્દા નં. ૧૩ :-</u>

**૧૩. શું વાદી માંગણી પ્રમાંણે દાદ મેળવવા હકકદાર છે ?**

આમ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે દાવાવાળી જમીન કટોસણ સ્ટેટના દરબાર પાસેથી છ પટના નાણા ભરી જયચંદભાઇ વરવાભાઇએ મેળવેલ હોવાનુ વાદી સાબીત કરી શકેલ છે પરંતુ તેઓ જયચંદભાઇને ખેતીમાં મદદ કરતા હોવાની હકીકત વાદી સાબીત કરી શકેલ નથી તેમજ દાવાવાળી તકરારી જમીનમાં વાદી સહભાગીદાર હોય તેઓનો હકક હિસ્સો પોષતો હોવાનુ પણ સાબીત થતુ નથી તેમજ તેઓ વીલના આધારે પણ માલીક બનેલા હોવાનુ પણ સાબીત થતુ ન હોય આ કામે વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા ન હોય **મુદા નં. ૧૩** નો **નિર્ણય '' નકારમાં ''** આપુ છે અને **મુદ્દા નં.૧૪** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

(૧) વાદીનો હાલનો દાવો આથી નામંજુર (રદ)કરવામાં આવે છે.

(૨) આ કામે પક્ષકારોને થયેલ દાવાનું ખર્ચ તેઓએ જાતે ભોગવવું.

(૩) હુકમ મુજબનું હુકમનામુ દોરવું.

આ હુકમ આજરોજ તા.૧૩મી માર્ચ માસનાં સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૩/૦૩/૨૦૨૬
વિરમગામ

( આર. બી. માંરફતીયા)
પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ
અને એડી.ચીફ જયુ.મેજી.વિરમગામ
Judge Code No.-GJ00633